આજનો સુવિચાર
સપના એ નથી કે જે ઊંઘમાં દેખાય છે, પરંતુ સપના એ છે જે તમને ઊંઘવા ન દે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૪ જૂનાગઢ તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 124, Junagadh : Date : 08 May, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ૨૮૩ બેઠકો પર મતદાન સંપન્ન : હવે પછીનાં ૪ તબક્કામાં ૨૬૦ બેઠકો પર મતદાન થશે



### નિષ્ણાંતોનાં મત મુજબ ચૂંટણી એક તરફી નથી : વિપક્ષ પણ ટક્કર આપી રહયો છે : ચૂંટણી લહેરનો અભાવ અને તિવ્ર ગરમીનાં કારણે ત્રણ તબક્કામાં મતદાનની ટકાવારીમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો રાજકીય પક્ષો માટે ટેન્શનનું કારણ

નવી દિલ્હી તા. ૮ : દેશની૧૮મી લોકસભાની ચૂંટણીઓએ તેની અડધાથી વધુ યાત્રા પૂર્ણ કરી લીધી છે. ગઈકાલે ત્રીજા તબક્કામાં ૧૨ રાજયોની ૯૩ બેઠકો પર મતદાન પૂર્ણ થવાની સાથે જ લોકસભાના ૫૪૩ સભ્યોની ૨૮૩ બેઠકો માટે મતદાન પૂર્ણ થયું હતું. લોકસભામાં બહુમત માટે ૨૭૨ સભ્યોની જરૂર છે અને ૨૮૩ બેઠકો પર મતદાન થયું છે. હવે બાકીના ચાર તબક્કામાં ૨૬૦ બેઠકો પર મતદાન થવાનું છે. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે ત્રણ તબક્કાના મતદાન બાદ કયા ગઠબંધનનો હાથ ઉપર છે અને સતત ઘટી રહેલી મતદાન ટકાવારીનો અર્થ શું છે ? આ વખતે લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાનની ટકાવારી પાંચ ટકાથી વધુ ઘટી છે. જયારે ૨૦૧૯માં આ બેઠકો પર ૬૭ ટકા મતદાન થયું હતું, જયારે આ વખતે માત્ર ૬૨ ટકા લોકોએ જ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સૌથી વધુ મતદાન આસામમાં ૭૫% અને સૌથી ઓછું મતદાન મહારાષ્ટ્રમાં ૫૩.૭% હતું. જો અન્ય રાજયોની વાત કરીએ તો ત્યાં પણ મતદાનની ટકાવારી ઘટી છે. ૨૦૧૯ ની સરખામણીમાં, આ વખતે આસામમાં ૧૦.૨%, બિહારમાં ૪.૯%, છત્તીસગઢમાં ૪.૦%, દાદરા અને નગર હવેલીમાં ૧૧.૯%, ગોવામાં ૨.૨%, ગુજરાતમાં ૮.૭%, કર્ણાટકમાં ૨.૫%, મહારાષ્ટ્રમાં ૧૦.૨% હતી. મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં તે ૪.૨%, ઉત્તર પ્રદેશમાં ૩.૯% અને પશ્ચિમ બંગાળમાં ૭.૮% મતદાન ઘટયું છે. ત્રીજા તબક્કામાં આસામની ધુબરી લોકસભા સીટ પર સૌથી વધુ મતદાન થયું છે. અહીં ૭૯.૭% લોકોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો. જયારે ગુજરાતની અમરેલી સીટ પર માત્ર ૪૬.૧% લોકો જ મતદાન કરવા ઘરની બહાર આવ્યા હતા. અત્યાર સુધીના ડેટા અનુસાર, આ ત્રણેય તબક્કામાં જોવામાં આવેલી સૌથી મોટી બાબત એ છે કે આ ત્રણેય તબક્કામાં ૨૦૧૯ની સરખામણીમાં મતદાનની ટકાવારી નોંધપાત્ર ઓછી રહી છે. ૨૦૧૯ માં, મતદાનની ટકાવારી વધતા તબક્કા સાથે ઘટી રહી હતી અને આ વખતે પણ તે ઓછી છે.

૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચેનો તફાવત એ છે કે ૨૦૧૯માં ત્રણ તબક્કામાં ૩૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જયારે આ વખતે ત્રણ તબક્કામાં માત્ર ૨૮૨ બેઠકો પર જ મતદાન થયું છે.

## મોબાઈલ વાપરવો મોંઘો પડશે : ચૂંટણી પરીણામ બાદ ટેરીફમાં ૨૦ થી ૨૫ ટકા વધારો આવશે

નવી દિલ્હી,તા. ૮: આ વર્ષે લોકસભા ચૂંટણીના પરિણામો પછી, ભારતીય ટેલિકોમ સેક્ટરમાં ૪ જૂન પછી ટેરિફ ૨૦ થી ૨૫ ટકા વધી શકે છે. અગાઉના અંદાજમાં માત્ર ૧૦-૧૫% વૃદ્ધિની અપેક્ષા હતી. BofA સિક્યોરિટીઝના એક રિપોર્ટ અનુસાર, આનાથી કંપનીઓના રોકડ પ્રવાહમાં સુધારો થશે અને તેઓ ઉચ્ચ માર્જિનવાળા બ્રોડબેન્ડ અને એન્ટરપ્રાઈઝ/ડેટા સેવાઓને પ્રોત્સાહન આપવા સક્ષમ બનાવશે.

ભારતીય ટેલિકોમ કંપનીઓ પપ્માં તેમના રોકાણને પુનઃપ્રાપ્ત કરવા માટે એક વર્ષની અંદર ભાવમાં ફરી વધારો કરી શકે છે. ટેલિકોમ કંપનીઓ અત્યારે ભારતીય બજારમાં કોઈ ખાસ હલચલ મચાવી રહી નથી.

## સમગ્ર વિશ્વમાંથી એસ્ટ્રાઝેનેકાએ કોરોના વેકસીન પાછી ખેંચી

### ભારતમાં પણ કોવિશીલ્ડ રસી પાછી ખેંચાઈ : જો કે કંપનીએ એવો ખુલાસો કર્યો કે આડઅસર નહી પરંતુ અન્ય કારણોસર વેકસીન પાછી ખેંચાઈ છે

લંડન તા. ૮

બ્રિટિશ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ વિશ્વભરમાં તેની કોવિડ-૧૯ વેક્સિનની ખરીદી અને વેચાણ બંધ કરવાનો નિર્ણય લીધો છે.

ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ, કંપનીએ કહ્યું છે કે હવે વેક્સિનનું નિર્માણ અને સપ્લાય કરવામાં આવી રહ્યું નથી. એસ્ટ્રાઝેનેકા દાવો કરે છે કે આડ અસરોને કારણે રસી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો નથી. કંપનીએ કહ્યું કે વ્યાપારી કારણોસર આ વેક્સિનને બજારોમાંથી હટાવી દેવામાં આવી છે. હવે બજારમાં બીજી ઘણી અદ્યતન રસીઓ ઉપલબ્ધ છે, જે વાયરસના વિવિધ પ્રકારો સામે લડી શકે છે. આવી સ્થિતિમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિનનું ઉત્પાદન અને પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એસ્ટ્રાઝેનેકાએ આ વર્ષે ૫ માર્ચે રસી પાછી ખેંચવા માટે અરજી કરી હતી. નિર્ણય મંગળવાર (૭ મે)થી અમલમાં આવ્યો. યુરોપિયન યુનિયનમાં હવે વેક્સિનનો ઉપયોગ કરી શકાશે નહીં. AstraZenecaએ ૨૦૨૦માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સહયોગથી કોરોના રસી બનાવી. તેના ફોર્મ્યુલાથી, ભારતમાં સીરમ સંસ્થાએ કોવિશિલ્ડ નામની રસી બનાવી. જ્યારે બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં તે 'વેક્સજાવેરિયા' તરીકે ઓળખાય છે.

હકીકતમાં, એસ્ટ્રાઝેનેકાએ ફેબ્રુઆરીમાં બ્રિટિશ હાઈકોર્ટને જણાવ્યું હતું કે તેમની કોવિડ -૧૯ રસીની ખતરનાક આડઅસર થઈ શકે છે. કંપનીએ કોર્ટમાં રજૂ કરેલા તેના દસ્તાવેજોમાં કહ્યું કે તેની કોરોના રસી થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે કેટલાક કિસ્સાઓમાં TTSનું કારણ બની શકે છે.

આ રોગને કારણે શરીરમાં લોહીની ગંઠાઈ જાય છે અને પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે. જો કે, આ ખૂબ જ દુર્લભ કિસ્સાઓમાં જ થશે. AstraZeneca પર આરોપ છે કે તેમની વેક્સીનને કારણે અનેક લોકોનાં મોત થયાં છે.

બીજા ઘણાને ગંભીર બીમારીઓનો સામનો કરવો પડ્યો. કંપની સામે હાઈકોર્ટમાં ૫૧ કેસ પેન્ડિંગ છે. પીડિતોએ એસ્ટ્રાઝેનેકા પાસેથી લગભગ ૧ હજાર કરોડ રૂપિયાના વળતરની માગ કરી છે.

આ એક યોગાનુયોગ છે કે તે જ સમયે રસી પર પ્રશ્નો ઉભા થયા હતા, કંપનીએ દલીલ કરી હતી કે અમે આ નિર્ણય એવા સમયે લીધો છે જયારે રસીના કારણે આડઅસર થઈ છે. આ સંપૂર્ણપણે સંયોગ છે. બજારમાંથી રસી હટાવવાનું કારણ કંઈક બીજું છે. જોકે, કંપનીએ આ અંગે વધુ કંઈ કહેવાનો ઈન્કાર કર્યો હતો. માહિતી અનુસાર, બજારમાંથી રસી પાછી ખેંચવા માટેની અરજી ૫ માર્ચે કરવામાં આવી હતી, જે ૭ મેના રોજથી અમલી બની હતી.

## ઝારખંડમાં ભારે વરસાદ, આંધી સાથે વાવાઝોડું ૭નાં મોત

રાંચી તા. ૮ : રાંચી સહિત સમગ્ર ઝારખંડમાં મંગળવારે સાંજે અચાનક હવામાનમાં પલટો આવ્યો. આ દરમિયાન આંધી સાથે વરસાદ ખાબક્યો. ઘણી જગ્યાએ કરા પડ્યા હતો. વાવાઝોડા-વરસાદ અને કરા સાથે ઘણા વિસ્તારોમાં જોરદાર તબાહી મચાવી. ઝાડ પડવા અને વજપાતના લીધે ૭ લોકોના મોત થયા છે. જયારે ડઝનો લોકોને ઈજા પહોંચી છે. રાંચી પલામૂ અને ધનબાદમાં બે-બે લોકોના મોત થયા છે જયારે કોડરમામાં એક વ્યકતિનું મોત નિપજયું છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી ભારે પવન અને વજપાતનનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

## મહિસાગરમાં બૂથ કેપ્ચરીંગનો વિડીયો વાયરલ : ભાજપ નેતાનાં પુત્રનું કારસ્તાન




મહિસાગર તા. ૮

ગઈકાલે ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર મતદાન યોજાયું હતું જેમાં સર્વત્ર શાંતીથી મતદાન પૂર્ણ થયું હતું પરંતુ આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની દાહોદ બેઠક પર મહીસાગર જીલ્લામાં આવેલ સંતરામપુર તાલુકાનાં પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરીંગ થયું હોવાનો વિડીયો વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. આ બૂથ કેપ્ચરીંગ અંગે કોંગ્રેસનાં ઉમેદવાર ડો. પ્રભાબેન તાવીયાડે જીલ્લા કલેકટર અને મુખ્ય ચૂંટણી અધિકારીને ફરીયાદ કરતા તપાસ શરૂ કરી છે. આ બનાવની વધુમાં પ્રાપ્ત વિગત મુજબ મહીસાગરનાં ભાજપનાં નેતાનો પુત્ર વિજય ભાભોરે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર લાઈવ કરીને સમગ્ર ઘટના બતાવી હતી. તેટલું જ નહી કથિત ઘટનાક્રમ વખતે વિજય ભાભોરે બુથ પરનાં કર્મચારીઓને અપશબ્દો કહયા હતા અને ગાળો ભાંડી હતી અને ઈવીએમ પોતાની સાથે લઈ જવાની પણ વાત કરી હતી પરંતુ આજે આ અંગે ફરીયાદ થતાં વિજય ભાભોરે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પરથી આ વિડીયો ડીલીટ કરી નાખ્યો હતો. બૂથ કેપ્ચરીંગ કરતી વખતે વિજય ભાભોર એવું કહેતા સંભળાયો હતો કે કોઈના ચાલે ભાજપ જ ચાલે, ઈવીએમ સહિત બધું જ આપણા બાપનું છે ! ભાજપ ઉમેદવારનાં સમર્થનમાં બોગસ વોટીંગ કર્યુ હોવાનું આક્ષેપ થઈ રહયો છે.

દરમ્યાનમાં આ ઘટનાક્રમ અંગે કોંગ્રેસનાં પ્રવકતા હેમાંગ રાવલે ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપ હાર ભાળી ગઈ છે, લોકશાહી માટે કલંકરૂપ ઘટના છે. બુથ કેપ્ચરીંગની ઘટના બની હોવા છતાં હજુ સુધી ચૂંટણીપંચે કાર્યવાહી કરી નથી જે બતાવે છે કે, ચૂંટણીપંચ સત્તાધારી પક્ષનું કઠપુતળી બની ગયું છે. હેમાંગ રાવલે એવો પણ આક્ષેપ કર્યો કે વિજય ભાભોર અને તેની સાથે રહેલા તમામ તત્વોની તાત્કાલીક ધરપકડ કરવી જોઈએ. વિજય ભાભોર ધારાસભ્ય દરજ્જાનાં નેતાનો પુત્ર છે અને તેણે જયારે વિડીયો વાયરલ કર્યો ત્યારે તે વિડીયો ૨૫ હજાર લોકોએ જોઈ લીધો હતો. વિજય ભાભોરે કાયદાનાં લીરેલીરા ઉડાવ્યા હતા અને આ ઘટનાક્રમનાં કલાકો બાદ હવે અત્યારે આ ઘટના મીડીયામાં બહાર આવી છે ત્યારે અનેક સવાલો ઉભા થયા છે. વિજય ભાભોર ગોઠિબ તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ રમેશ ભાભોરનો પુત્ર હોવાનું જાણવા મળેલ છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પોલીસે વિજય ભાભોરની અટકાયત કરી લીધી છે અને પુછપરછ શરૂ કરી દીધી છે. જો બુથ કેપ્ચરીંગનો આક્ષેપ સાચો પુરવાર થશે તો ચૂંટણીપંચ સદરહું મતદાન મથકે પુર્નઃ મતદાનનો આદેશ કરશે કે કેમ ? તે અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

## ભારતીય પરીવારોની બચત ૩ વર્ષમાં રૂા.૯ લાખ કરોડ ઘટી

નવી દિલ્હી, તા.૮: ભારતીય પરિવારોની ચોખ્ખી બચત ત્રણ વર્ષમાં રૂ. ૯ લાખ કરોડથી વધુ ઘટી છે. દેશના જીડીપીમાં ઘરગથ્થુ બચતનો હિસ્સો ઘટીને ૫.૩ પર આવી ગયો છે, જે ૫૦ વર્ષમાં સૌથી ઓછો છે. આંકડા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં પરિવારોની ચોખ્ખી બચત ઘટીને ૧૪.૧૬ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી, જે ૨૦૨૦-૨૧માં ૨૩.૨૯ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ હતી. બચતનો આ આંકડો પાંચ વર્ષમાં સૌથી નીચો સ્તર છે.

## એરઈન્ડીયાનાં ૩૦૦ કર્મચારીઓ એક સાથે બીમાર પડયા : ૭૮ ફલાઈટ રદ

નવી દિલ્હી તા. ૮

એર ઈન્ડિયા એક્સપ્રેસની ૭૮ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. કારણ કે એર ઈન્ડિયાના ૩૦૦ કર્મચારીઓ એકસાથે માંદગીની રજા પર ગયા છે. મંગળવાર રાત્રીથી બુધવાર સવાર સુધી ૭૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લગભગ ૩૦૦ વરિષ્ઠ કેબિન ક્રૂ સભ્યોએ છેલ્લી ક્ષણે બીમાર હોવાની જાણ કર્યા પછી તેમના મોબાઈલ ફોન બંધ કરી દીધા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એર ઈન્ડિયા એક્સપ્રેસ મેનેજમેન્ટ હાલમાં ક્રૂ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેઓ ટાટા ગ્રૂપની માલિકીની એરલાઈનમાં રોજગારની નવી શરતોનો વિરોધ કરી રહ્યા છે. એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમારા કેબિન ક્રૂના ઘણા સભ્યો ગઈકાલે રાતથી બીમાર પડ્યા છે અને તેના કારણે ઘણી ફ્લાઈટ્સ કેન્સલ થઈ છે અથવા વિલંબિત થઈ છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હાર્દિક શુભેચ્છા....
આપના જૂના ટી.વી. સામે મહત્તમ ડીસ્કાઉન્ટ મેળવો




એક્સચેન્જ ઓફર સામે મહત્તમ વળતર
મનસુખલાલ ગોકલદાસ એન્ડ સન્સ
પેરેગોન, જેનીલી શોપીંગ સેન્ટરની બાજુમાં, એમ.જી. રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૫૩૭૪૨

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
રેસિપી હોય દાદીની... કે નાનીની... કે મમ્મીની...
સિંગતેલ તો રાણીનું જ!
બારેમાસ બેમિસાલ અસ્સલ અથાણાં બનાવવાં આજે જ તમારા ઘરે લઈ આવો.
RANI®
GOLD સિંગતેલ




જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036



# રક્તદાન અને નેત્રદાનમાં દેશમાં પ્રથમ ગુજરાત રેડક્રોસ વર્ષે ૨ લાખથી વધારે રક્ત યુનિટ જરૂરિયાતમંદ લોકોને આપે છે

**૮ મે - વિશ્વ રેડક્રોસ દિવસ : રેડક્રોસની ગુજરાત શાખાના પ્રમુખ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની આ માનવીય મિશનમાં સહયોગ અને સમર્થન આપવાની અપીલ**

**ગુજરાતમાં રેડક્રોસ દ્વારા ૩૩,૦૦૦ પ્રશિક્ષિત સ્વયંસેવકો પોતાની સેવાઓ આપવા સમર્પિત : ૬ લાખ યુવાનોને પ્રાથમિક સારવાર અને સી.પી.આર.નું પ્રશિક્ષણ**

(જી.એન.એસ)

ગાંધીનગર/અમદાવાદ, તા. ૮

રાજ્યપાલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તા. ૮ મી મે, વિશ્વ રેડક્રોસ દિવસે જરૂરિયાતમંદ વ્યક્તિઓની પીડા ઓછી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં કહ્યું છે કે, ગુજરાતમાં ૩૩ જિલ્લા અને ૯૨ તાલુકા શાખાઓ સાથે રેડક્રોસ માનવીય સેવા માટે સક્રિય છે. સ્વૈચ્છિક રક્તદાન અને નેત્રદાનમાં દેશમાં પ્રથમ ગુજરાત રેડક્રોસના બ્લડ સેન્ટર્સ વર્ષે ૨,૦૦,૦૦૦ થી વધારે રક્ત યુનિટ એકત્ર કરીને જરૂરિયાતમંદ લોકોને આપે છે.

રેડક્રોસના સંસ્થાપક જીન હેનરી ડૂનન્ટનો જન્મદિવસ વિશ્વ રેડક્રોસ દિવસ - વર્લ્ડ રેડ ક્રેસેન્ટ દિવસ તરીકે ઉજવાય છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે રેડક્રોસના માનવીય મિશનને સમર્થન અને સહયોગ આપવાની અપીલ કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં ૨૪ રેડક્રોસ બ્લડ સેન્ટર્સ અને ૧૬ બ્લડ સ્ટોરેજ યુનિટ કાર્યરત છે. ૮ વધુ બ્લડ સેન્ટર્સ સ્થાપિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આધુનિક ઉપકરણોથી સુસજ્જ ૧૪ ફિઝિયોથેરાપી સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યા છે. સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર નિયંત્રણ માટે ૧૦,૦૦૦ જેટલી મહિલાઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી છે. રાજ્યમાં ૧૧ પેથોલોજી લેબોરેટરી પણ નાગરિકોની સેવામાં છે.

ગુજરાતમાં રેડક્રોસ દ્વારા ૩૩,૦૦૦ સ્વયંસેવકોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે, જે કોઈ પણ પ્રકારની આપદાઓ વખતે પોતાની સેવાઓ આપવા સમર્પિત છે. રાજ્યમાં ૬,૦૦,૦૦૦ યુવાનોને પ્રાથમિક સારવાર અને સી.પી.આર. નું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.

તા. ૮ મી મે એ વિશ્વ થેલેસેમિયા દિવસ પણ મનાવવામાં આવે છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાત રેડક્રોસ દ્વારા થેલેસેમિયા અને સિકલસેલ નિવારણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જે ભારતમાં આ પ્રકારનું પહેલું અભિયાન છે. ઈન્ડિયન રેડક્રોસના રાષ્ટ્રીય હેડક્વાર્ટર અને અન્ય રાજ્યોની શાખાઓએ પણ આ અભિયાનને નોડલ પ્રોજેક્ટ તરીકે અપનાવ્યું છે. ગુજરાત રેડક્રોસ દ્વારા થેલેસેમિયા મેજર બાળકોને રક્ત યુનિટ નિઃશુલ્ક આપવામાં આવે છે. એટલું જ નહીં, થેલેસેમિયા અને સિકલસેલ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાખ્ખો વ્યક્તિઓની તપાસ કરવામાં આવી છે અને ૫૫૦ થી વધુ થેલેસેમિયા મેજર બાળકોને આ દુનિયામાં આવતા અટકાવવામાં સફળતા મળી છે.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ વર્ષ 'માનવતાને જીવંત રાખીએ' ની થીમ સાથે ઉજવાઈ રહ્યું છે, એમ કહીને વિશ્વ રેડક્રોસ દિવસે પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં રેડક્રોસના અધ્યક્ષ શ્રી અજયભાઈ પટેલ અને ગુજરાત રેડક્રોસની સમગ્ર ટીમ દ્વારા રક્તદાન કાર્યક્રમને વેગવાન બનાવવામાં આવ્યો છે. રાજ્યમાં ક્યાંય પણ એક જ કલાકમાં જરૂરિયાતમંદ વ્યક્તિને સુરક્ષિત રક્ત ઉપલબ્ધ કરાવવાની દિશામાં પ્રસંશનીય કાર્ય થઈ રહ્યું છે. ગુજરાતના સેવાભાવી ભાઈ-બહેનો રેડક્રોસની પ્રવૃત્તિઓમાં પૂર્ણ સહયોગ આપે જેથી રેડક્રોસની કલ્યાણકારી યોજનાઓને વધુ પ્રભાવક રીતે અમલી કરી શકાય.

# શરાબ કૌભાંડ કેસઃ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જામીન અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પૂર્ણ, નિર્ણય અનામત રખાયો



(જી.એન.એસ)

નવી દિલ્હી, તા. ૮

દિલ્હી શરાબ કૌભાંડ કેસમાં ધરપકડ કરાયેલા આમ આદમી પાર્ટીના નેતા અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જામીન અરજી પર મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પૂર્ણ થઈ ગઈ. દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા કેજરીવાલના વચગાળાના જામીન પર કોઈ નિર્ણય આપ્યો નથી.

આ મામલે નિર્ણય અનામત રાખવામાં આવ્યો છે. સમયના અભાવે કોર્ટે આ મામલે કોઈ આદેશ નથી આપ્યો. સુપ્રીમ કોર્ટ આ અંગેની આગામી સુનાવણી ૯મી મેના રોજ કરી શકે છે. કેજરીવાલે દારૂ કૌભાંડ કેસમાં તેમની ધરપકડને કોર્ટમાં પડકારી હતી. અગાઉ કોર્ટે કહ્યું હતું કે અંતિમ આદેશ આપતા પહેલા અમે ઘણીવાર વચગાળાના આદેશો આપીએ છીએ. અમે એ વાતમાં નથી જઈ રહ્યા કે તે રાજકીય વ્યક્તિ છે કે નહીં. તેના બદલે, અમે જોઈ રહ્યા છીએ કે આ કેસ સાચો છે કે નહીં. આમાં અપવાદરૂપ કેસમાં જામીન પર વિચાર કરી શકાય કે નહીં.

જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે. ઈડી વતી એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કહ્યું કે જ્યારે અમે તપાસ શરૂ કરી ત્યારે અમારી તપાસ સીધી કેજરીવાલ સામે નહોતી, તેથી શરૂઆતમાં તેમને સંબંધિત એક પણ સવાલ પૂછવામાં આવ્યો ન હતો. તપાસ તેમના પર કેન્દ્રિત ન હતી. તપાસ દરમિયાન તેમની ભૂમિકા સામે આવી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કેજરીવાલની વચગાળાની જામીન અરજી પર સુનાવણી કરતા ઈડીને ઘણા પ્રશ્નો પૂછ્યા છે. કોર્ટે પૂછ્યું કે ચૂંટણી પહેલા જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી? કેજરીવાલ કેસમાં શું એટેચ કરવામાં આવ્યું છે? કેસમાં કાર્યવાહી અને ધરપકડ વચ્ચે લાંબો સમય કેમ રહ્યો?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેમને સત્તાવાર કામ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. બેન્ચે કહ્યું કે અમે વચગાળાના જામીન પર બંને પક્ષોને સાંભળ્યા છે.

સુનાવણી દરમિયાન કોર્ટે કેજરીવાલના વકીલ સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીને પૂછ્યું કે શું કેજરીવાલને જામીન મળ્યા બાદ તેઓ સરકારી ફાઈલો પર સહી કરશે કે મુખ્યમંત્રી તરીકે નિર્દેશ આપશે. આના પર સિંઘવીએ કહ્યું કે તેમના અસીલ દિલ્હીની દારૂની નીતિ મામલે કોઈપણ રીતે દખલ નહીં કરે. કોર્ટે કહ્યું કે અમે નથી ઈચ્છતા કે તે સરકારના કામકાજમાં દખલ કરે.

કેજરીવાલના વકીલે કહ્યું કે તેમનો અસીલ આતંકવાદી નથી. તે કાયદો તોડનાર નથી તેથી તેને વચગાળાના જામીન મળવા જોઈએ. આના પર જામીનનો વિરોધ કરતા ઈડીએ કહ્યું કે શું નેતાઓ માટે અલગ અપવાદ હશે? શું ચૂંટણીમાં પ્રચાર કરવો જરૂરી છે?

# રાજકોટમાં પત્નીની હત્યાનો પ્રયાસ કરી યુવકે પોતાના ગળામાં છરી ફેરવી



**માલવીયાનગર પોલીસે આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ જાડેજા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ આદરી**

રાજકોટ. તા. ૮

રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ ઉદયનગર ૪૦ વર્ષીય યુવાને તેમની ૩૭ વર્ષીય પત્નીને છરીના ત્રણ ઘા ઝીંકી હત્યાનો પ્રયાસ કરી પોતે પણ ગળાના ભાગે છરી ફેરવી આત્મહત્યાનો પ્રયાસ કરતાં બંનેને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે માલવીયાનગર પોલીસ સિવિલ હોસ્પિટલે દોડી ગઈ હતી અને આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાન મહેન્દ્રસિંહ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ગઈકાલે ખેલાયેલા લોહિયાળ ખેલથી શહેરમાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના મવડી વિસ્તારમાં ઉદયનગર શેરી નં.૧ માં રહેતાં મહેન્દ્રસિંહ તોગુભા જાડેજા (ઉ.વ.૪૦) ની પત્ની પ્રીતિબા (ઉ.વ.૩૯) બે દિવસથી માવતરે ઉદયનગર શેરી નં.૧૪ માં રહેતાં ચાલી જતાં તેમની સાથે સમાધાન કરી તેડવા ગયાં હતા ત્યારે દંપતી વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં ઉશ્કેરાયેલા મહેન્દ્રસિંહે તેની પાસે રહેલ છરીથી પત્નીને ગળાના ભાગે, છાતીના ભાગે અને હાથમાં છરીના ત્રણ ઘા ઝીંકી દિધા હતાં. બાદમાં તેની પત્નીએ રાડારાડી કરતાં પોતે પણ ગળાના ભાગે છરી ફેરવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં પ્રીતિબા તેમની નાની બહેન સાથે માલવીયાનગર પોલીસ મથકે દોડી ગયાં હતા પરંતુ પોલીસ મથકના પગથિયાં પર જ તેઓ બેભાન થઈ પડ્યા હતાં. જેથી ૧૦૮ મારફતે તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તેમજ સાસરિયાના ઘરે આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ બેભાન થઈ જતાં તેઓને પાડોશીએ ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં.

બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં એએસઆઈ કે.યુ.વાળા હોસ્પિટલે દોડી ગયાં હતાં અને આત્મહત્યાનો પ્રયાસ કરનાર મહેન્દ્રસિંહ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

**શૂટિંગ પર પ્રતિબંધ મૂકવાની માંગ**

# વકીલોએ અક્ષયની ફિલ્મ જોલી LLB 3 વિરુદ્ધ ફરિયાદ નોંધાવી




**જ્યારથી ફિલ્મ એલએલબી ૩નું શૂટિંગ શરૂ થયું ત્યારથી જ જોલી વિવાદોમાં ફસાયેલી છે**

મુંબઈ, તા.૮

અજમેર ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને સિવિલ જજ અજમેર નોર્થની કોર્ટમાં બોલિવૂડ ફિલ્મ જોલી એલએલબી-૩નું શૂટિંગ રોકવા માટે અરજી દાખલ કરી છે. તેમજ બાર એસોસિએશનના પ્રમુખે પ્રોડ્યુસર, ડાયરેક્ટર અને એક્ટર્સ વિરુદ્ધ વકીલો અને જજોની મજાક ઉડાવવાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીઓ ઈચ્છે છે કે મેકર્સ તેને બનાવવાનું બંધ કરે, આ માટે કોર્ટને નોટિસ જારી કરવાની વિનંતી કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આવતીકાલે આ કેસની સુનાવણી થશે. ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ ચંદ્રભાન સિંહ રાઠોડે જણાવ્યું હતું કે જોલી એલએલબીના પ્રથમ અને બીજા ભાગને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય લીધો છે. એવું લાગે છે કે અભિનેતાઓ અને અન્ય કલાકારો સહિત ફિલ્મના નિર્માતાઓ અને દિગ્દર્શકો દેશના બંધારણના મુખ્ય સ્તંભ ન્યાયતંત્રની ગરિમા અને પ્રતિષ્ઠાને બિલકુલ માન આપતા નથી. રાઠોડે જણાવ્યું હતું કે હાલમાં જોલી એલએલબી ૩નું શૂટિંગ અજમેરની ડીઆરએમ ઓફિસ સહિત આસપાસના ગામો અને વિસ્તારોમાં ચાલી રહ્યું છે, જે ઘણા દિવસો સુધી ચાલુ રહેવાનું છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન પણ નિર્માતાઓ અને દિગ્દર્શકો વકીલો અને ન્યાયાધીશો સહિત ન્યાયતંત્રની ઈમેજ, પ્રતિષ્ઠા અને ગરિમાને લઈને બિલકુલ ગંભીર દેખાતા નથી. બાર પ્રમુખે કહ્યું કે કલાકારો સમાજ માટે મૂર્તિ સમાન છે. તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યોને સમાજ જેમ છે તેમ સ્વીકારે છે અને તેમના પોતાના વિચારો પણ એ ફિલ્મો જોયા પછી તેમના પાત્રોમાં ક્યાંક ને ક્યાંક પોતાને શોધવા લાગે છે. બાર પ્રમુખના જણાવ્યા અનુસાર, શૂટિંગ દરમિયાન વકીલો અને ન્યાયાધીશોને એવી રીતે બતાવવામાં આવે છે જે સામાન્ય રીતે ક્યાંય બનતું નથી. આ માત્ર હાસ્યાસ્પદ નથી પણ અશિષ્ટ પણ છે અને ન્યાયતંત્રની પ્રતિષ્ઠા, ન્યાયાધીશો અને વકીલોની પ્રતિષ્ઠા અને છબીને કલંકિત કરે છે. જોલી એલએલબી ૩ માં, વકીલને લાત મારવી, લાકડા લઈને તેની પાછળ દોડવું, ન્યાયાધીશનો ગુટખા ખાવો, પૈસાની લેવડ-દેવડ કોઈ પણ રીતે કોર્ટ, ન્યાયતંત્ર અને વકીલોની માન-સન્માન, પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાને અનુકુળ નથી તેવા દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા છે. અને ન્યાયાધીશ. તેમણે કહ્યું કે એક વકીલ હોવાના કારણે તેઓ સૌથી મોટા ગુનેગાર કે સાક્ષીને પણ કોર્ટ સમક્ષ રજૂ કરતી વખતે ઘણી બાબતોનું ધ્યાન રાખે છે, જેથી જજ અને કોર્ટની ગરિમા જળવાઈ રહે. બાર પ્રમુખે કહ્યું કે ફરિયાદ દ્વારા તેમની માંગણી હશે કે ફિલ્મનું શૂટિંગ કરતી વખતે આ વાતને ધ્યાનમાં રાખવામાં આવે અને મેકર્સને નોટિસ જારી કરવામાં આવે અને તેમના પર નિયંત્રણો લાદવામાં આવે.

# માણસ માત્ર ભૂલને પાત્ર : ક્ષત્રિય સમાજને ફરી રૂપાલાના 'મિચ્છામી દુકકડમ'

**મારો ઈરાદો કયારેય ખરાબ ન હતો : માતૃશકિત મને માફ કરે : શાંતિપૂર્વક મતદાન બદલ સૌનો આભાર : લીડની ભવિષ્યવાણી કરવી નથી!**



રાજકોટ,તા.૮

રાજકોટ લોકસભાની પુરા રાજયમાં કેન્દ્રમાં રહેલી ચૂંટણીનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું છે. ગત ચૂંટણી કરતા મતદાનમાં થોડો ઘટાડો થયો છે ત્યારે આજે સવારે ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ મતદાન બાદ પણ વધુ એક વખત ક્ષત્રીય સમાજની માફી માગીને તેમનાથી મોટી ભુલ થયાનો સ્વીકાર કર્યો હતો. સાથે જ માણસ માત્ર ભુલને પાત્ર તેવું કહીને 'મિચ્છામી દુકકડમ' કહ્યું હતું.

આજે સવારે લોકસભા ભાજપના કાર્યાલય ખાતે પરસોતમભાઈ રૂપાલાએ પત્રકારો સાથે વાતચીત કરી હતી તેઓએ જણાવ્યું હતું કે મારા ૪૦ વર્ષના જાહેર અને રાજકીય જીવનમાં આ સૌથી પીડાદાયક સમય હતો અને સૌથી કઠીન સમયમાંથી પસાર થયો છું. આવી સ્થિતિનો સામનો કયારેય કર્યો નથી.

મારા એક નિવેદનથી પુરી ચૂંટણીમાં વમળો સર્જાઈ ગયા હતા. મારા નિવેદનની ભુલના કારણે પક્ષને અને સાથીદારોને પણ સાંભળવાનો વખત આવ્યો હતો. મારા ઉપરાંત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ માફી માંગી અને પુરી પાર્ટીએ ઘણું સહન કરવું પડયું છે. તેમણે જણાવ્યું હતું કે, મારા નિવેદનો કાયમ પાર્ટી માટે એસેટ હતા. પરંતુ હું ઉમેદવાર બન્યો તે બાદ મારાથી ભુલ થયાનો એકરાર કરૂં છું. મારી ભુલના કારણે મેં વ્યકિતગત અને જાહેરમાં અનેક વખત માફી માંગી છે. ચૂંટણીમાં માફી માગવી તેનો બીજો અર્થ નિકળે તે પણ સ્વભાવિક છે. આજે હું ફરી નમ્રતા પૂર્વક ક્ષત્રિય સમાજની માતૃશકિતની પણ માફી માંગુ છું. વિકસીત ભારતમાં કાયમ ક્ષત્રિયોનું યોગદાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ તેઓ વિકાસમાં ભાગીદાર બનશે.

**નીરવ મોદી વિરુદ્ધ ત્રણ ગુનાહિત કેસ પેન્ડિંગ છે**

# નીરવ મોદીને બ્રિટનની કોર્ટમાંથી આંચકો પમી વખત જામીન અરજી ફગાવી



**પાંચ વર્ષથી લંડનની જેલમાં રહેલા ભાગેડુ બિઝનેસમેન નીરવ મોદીએ નવી જામીન અરજી દાખલ કરી હતી**

નવી દિલ્હી, તા.૮

પાંચ વર્ષથી લંડનની જેલમાં રહેલા ભાગેડુ બિઝનેસમેન નીરવ મોદીએ મંગળવારે નવી જામીન અરજી દાખલ કરી હતી. પરંતુ બ્રિટિશ ન્યાયાધીશે તેને ફગાવી દીધો હતો. આ પાંચમી વખત છે જ્યારે કોર્ટે નીરવ મોદીની જામીન અરજી ફગાવી છે. ન્યાયાધીશે કહ્યું કે તે હજુ પણ ન્યાયથી છટકી જવાનું 'નોંધપાત્ર જોખમ' ધરાવે છે. નીરવ મોદી, જે ભારતમાં પ્રત્યાર્પણ સામે પોતાનો કેસ હારી ચૂક્યો છે, તે ભારતમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહ્યો છે.લંડનમાં જામીનની સુનાવણી દરમિયાન ૫૨ વષીય હીરા વેપારી હાજર થયો ન હતો. તેમનો દીકરો અને બે દીકરીઓ ગેલેરીમાં હાજર હતા. જિલ્લા ન્યાયાધીશ જ્હોન જાનીએ નીરવ મોદીની કાનૂની ટીમની દલીલ સ્વીકારી હતી કે અગાઉની જામીન અરજી લગભગ સાડા ત્રણ વર્ષ પહેલા દાખલ કરવામાં આવી હતી. આટલા લાંબા સમય બાદ સુનાવણી આગળ વધવા દેવા માટે સંજોગોમાં ફેરફાર થયો છે.ટૂંકી સુનાવણી પછી, ન્યાયાધીશે કહ્યું, 'જો કે હું સંતુષ્ટ છું કે જામીન સામે પૂરતા આધારો છે, ત્યાં એક મોટો ખતરો છે કે નીરવ મોદી કોર્ટમાં હાજર થવામાં અથવા સાક્ષીઓ સાથે દખલ કરવામાં નિષ્ફળ જશે.' તેમણે કહ્યું, 'આ કેસમાં છેતરપિંડીનો મોટો આરોપ સામેલ છે. આવી સ્થિતિમાં જામીન આપી શકાય નહીં. તેથી અરજી નામંજૂર કરવામાં આવે છે. સુનાવણી માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનઅને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ની સંયુક્ત ટીમ ભારતથી આવી પહોંચી હતી.વર્ષ ૨૦૧૯માં નીરવ મોદીના ખરાબ દિવસોની શરૂઆત થઈ હતી. જ્યારે પંજાબ નેશનલ બેંકે તેના અને તેના કાકા મેહુલ ચોક્સી પર બેંક કર્મચારીઓની મદદથી ૧૩,૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. ત્યારથી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા બંનેની તપાસ શરૂ કરવામાં આવી હતી અને ૧૯ માર્ચ, ૨૦૧૯ ના રોજ, હોલબોર્નથી તેની ધરપકડ કરવામાં આવી હતી.દેશમાં હીરાના વેપારી સામે ૩ ફોજદારી કેસ પેન્ડિંગ છે.

# સલમાન ખાનના ઘરે ફાયરિંગ કરવાના કેસમાં વધુ એક વ્યક્તિની ધરપકડ

મુંબઈ, તા.૮ : એપ્રિલમાં સલમાન ખાનના ઘર પર થયેલા ગોળીબારથી માત્ર સામાન્ય લોકો જ નહીં પરંતુ બોલિવૂડ ઈન્ડસ્ટ્રી પણ હચમચી ગઈ હતી. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ આ મામલે તપાસમાં વ્યસ્ત છે. હવે સલમાનના ઘરે ફાયરિંગની તપાસમાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. આ કેસમાં પોલીસે વધુ એક વ્યક્તિની ધરપકડ કરી છે. રાજસ્થાનમાંથી પકડાયેલ આ વ્યક્તિ આ કેસમાં પમો આરોપી કહેવાય છે.

**આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનનો આરોપ**

# કોંગ્રેસે 'રન ફોર ડેવલપ્ડ ઈન્ડિયા' રદ કરવાની માંગ કરી

**આ કાર્યક્રમનો હેતુ ભાજપના 'વિકાસ ભારત' અભિયાનને પ્રોત્સાહન આપવાનો**

છ નવી દિલ્હી, તા.૮

દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવેન્દ્ર યાદવે ચૂંટણી પંચને પત્ર લખીને 'રન ફોર ડેવલપ્ડ ઈન્ડિયા' રદ કરવાની માંગ કરી છે, જેને તેમણે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. વિકાસ ભારત એમ્બેસેડર કલબના સહયોગથી દિલ્હી યુનિવર્સિટી દ્વારા આયોજિત, આ કાર્યક્રમનો હેતુ ભાજપના 'વિકાસ ભારત' અભિયાનને પ્રોત્સાહન આપવાનો છે અને તેમાં બેડમિન્ટન ચેમ્પિયન સાયના નેહવાલ, અભિનેતા રાજ કુમાર રાવ અને દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ પ્રો. યોગેશ સિંઘ સહિતના અગ્રણીઓ ભાગ લેશે.૫,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે તેવી અપેક્ષા સાથે, યાદવ દલીલ કરે છે કે ભાજપના અગ્રણી નેતા કુલજીત ચહલ દર્શાવતી ઈવેન્ટ સ્પષ્ટપણે ભાજપ માટે ચૂંટણી લાભ તરીકે કામ કરે છે અને તેથી તેને તાત્કાલિક રદ કરવાની માંગ કરે છે. દેવેન્દ્ર યાદવે કહ્યું કે હકીકત એ છે કે વિવિધ કોલેજોના ૫૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપેક્ષા છે કારણ કે 'વિકાસ ભારત ૨૦૪૭' એક મુખ્ય કાર્યક્રમ છે.શાસક ભારતીય જનતા પાટીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા પ્રચાર માટેનું એક પોસ્ટર પણ તૈયાર કરવામાં આવ્યું છે અને ચહલ નમો એપના રાષ્ટ્રીય સંયોજક હોવાથી રેસની તૈયારીઓની રૂપરેખા આપવા માટે યોજાયેલી બેઠકમાં ભાજપના નેતા કુલજીત ચહલ હાજર હતા.દેવેન્દ્ર યાદવે કહ્યું કે દિલ્હી યુનિવર્સિટી હેઠળની દયાલ સિંહ કોલેજે પીએમ નરેન્દ્ર મોદીની તસવીર સાથે વિકાસ ભારત રન સંબંધિત પોસ્ટર પણ તૈયાર કર્યું છે, જે આદર્શ આચાર સંહિતાનું પણ સ્પષ્ટ ઉલ્લંઘન છે.દેવેન્દ્ર યાદવે તેમના પત્રમાં જણાવ્યું હતું કે આદર્શ આચાર સંહિતા નોટિફિકેશનમાં, 'ન જોઈએ' કેટેગરીમાં, એવું કહેવામાં આવ્યું છે કે 'કોઈપણ સત્તાવાર કાર્યને પ્રચાર/ચૂંટણી સાથે મિશ્રિત કરવું જોઈએ નહીં', અને આ રેસ આ 'ન જોઈએ' હેઠળ આવે છે. શ્રેણીમાં આવે છે.

# જૂનાગઢમાં ઈકો ફ્રેન્ડલી મોડેલ મતદાન મથક બન્યું મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર

## જૂનાગઢ જીલ્લા ચૂંટણી અધિકારીએ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકની મુલાકાત લઈ મતદારો સાથે સંવાદ સાધ્યો





જૂનાગઢ, તા.૮

જૂનાગઢના શ્રીમતી આર.જે. કનેરિયા સ્કૂલમાં ઈકો ફ્રેન્ડલી મતદાન મથકની જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાએ મુલાકાત લઈ મતદારો સાથે સંવાદ સાધી અને મતદાનનું નિરીક્ષણ કર્યું હતું. જૂનાગઢમાં પ્લાસ્ટિક મુક્ત ગિરનારનો સંદેશો આપતી થીમ સાથે ઈકો ફ્રેન્ડલી મતદાન મથક મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

જુનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસીયા એ મોતીબાગ પાસેના સ્કૂલમાં ઈકો ફ્રેન્ડલી મતદાન મથકની મુલાકાત લઈ મતદાનનું નિરીક્ષણ કર્યું હતું અને પોલિંગ સ્ટાફ પાસેથી મતદાન અંગેની વિગતો મેળવી હતી.

આ ઉપરાંત મતાધિકારની પવિત્ર ફરજ અદા કરનાર મતદારો સાથે સંવાદ પણ સાધ્યો હતો.જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીએ વૃદ્ધો અને દિવ્યાંગ મતદારોના ઉત્સાહને પણ બિરદાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મતદાન માટે આવનાર નાગરિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો સંદેશો મળે એ માટે શ્રીમતી આર જે કનેરિયા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે આ મોડેલ મતદાન મથક તૈયાર કરાયું છે. જેમાં મતદારોને મતદાન બાદ પ્લાસ્ટિક મુક્ત ગિરનારના સંદેશા અને મતદાન અવશ્ય કરીએ ના સંદેશો સાથેની ઈકો ફ્રેન્ડલી થેલી અને રોપાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સાથે જ આ મતદાન મથકમાં નાગરિકોએ મતદાન કર્યા બાદ સેલ્ફી ઝોનમાં સેલ્ફી પણ લીધી હતી.

# મતદાન મથકોમાં મતદાતાઓને મતદાનની રિટર્ન ગિફ્ટ તરીકે રોપા આપીને 'ગો ગ્રીન'નો અપાયો સંદેશ



જૂનાગઢ તા.૮

મતદાતાઓ મતદાન કરે ત્યારે રિટર્ન ગિફ્ટ તરીકે વન વિભાગ દ્વારા ફૂલ છોડના રોપાઓ આપીને હરિયાળી પહેલ કરવામાં આવી હતી. લોકસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે આજરોજ સમગ્ર રાજયમાં મતદાનનો પ્રારંભ થઈ ચુક્યો છે, ત્યારે જૂનાગઢ શહેરના ગાંધીગ્રામ મતદાન વિસ્તારોમાં આવેલ મતદાન મથકે મતદાતાઓને મતદાન બાદ ફૂલ-છોડ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. ઈકો -ફ્રેન્ડલી મેસેજ આપતા શહેરને હરિયાળું બનાવવા માટે વન વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

# મધ્ય ગીરમાં આવેલ ભારતનું એક મતદાર ધરાવતું કેન્દ્ર બાણેજમાં મંદિરના મહંતે મતદાન કરતા સો ટકા મતદાન થયું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૮

જૂનાગઢ લોક સભાની બેઠકનું મતદાન સવારથી શાંતિ પૂર્વક થઈ રહ્યું છે બપોરના બે વાગ્યા સુધીમાં ઊના વિધાન સભા બેઠક વિસ્તારનું ૩૭ ટકા મતદાન થયું છે. ગરમી ને કારણે બપોર પછી મતદાન ધીમું થઈ ગયું છે.



ઊના ૯૩ વિધાન સભા હેઠળ આવેલ ગીરગઢડા તાલુકાના મધ્ય ગીરમાં આવેલ બાણેજ તીર્થ સ્થાન ઉપર ભારતનું એક માત્ર મતદાર ધરાવતું મતદાન કેન્દ્રમાં ગઈકાલે સવારે બાણેજના મહંત હરિદાસબાપુ ગુરૂ ભરતદાસબાપુએ સવારે પૂજા પાઠ કરી મતદાન બુથ ઉપર જઈ મતદાન કરી દેતા બાણેજ બુથ ઉપર ૧૦૦ ટકા મતદાન નોંધાયું હતું. આ મતદાનની પ્રક્રિયા માટે ચૂંટણીના ઓફિસરો પોલીસ અને અન્ય કર્મચારીઓ મળી ૯ લોકોનો સ્ટાફ રોકાયેલ હતો.

# વંથલી તાલુકાના શાપુરનાં ઈકો ફ્રેન્ડલી મોડેલ મતદાન મથકમાં વૃદ્ધાઓએ મતદાન કર્યુ






જૂનાગઢ, તા.૮

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના શાપુર ગામની કુમાર પે સેન્ટર શાળામાં 'ઈકો ફ્રેન્ડલી મોડેલ મતદાન મથક'માં મતદાન કરવા યુવાનોથી લઈ વૃદ્ધ મતદારો ઉત્સાહપૂર્વક મતદાન માટે ઉમટયા છે. અહી ખાસ કરીને અનેક વૃદ્ધ મહિલાઓ લાકડીના સહારે મતદાન કરવા મતદાન મથકોએ પહોંચી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અન્યોને પણ મતદાન કરવાની પ્રેરણા પૂરી પાડી હતી.

# અમદાવાદમાં ચુંટણી વ્યવસ્થા ગોઠવવામાં પોલીસની એલ.આઈ.બી. શાખાની પ્રસંશનીય કામગીરી

## પોલીસ કોન્સ્ટેબલ મનીષ ડેડાણીયાના બહેનનું અવસાન થતા માત્ર ૪ કલાકમાં અંતિમ સંસ્કાર વિધી પૂર્ણ કરી પરત ચુંટણી ફરજ ઉપર પહોચ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેર ખાતે યોજાતી કોઈપણ ચૂંટણીઓમાં પોલીસ કાર્યવાહી ખૂબ સારી રીતે થાય એ માટે પોલીસ સ્ટેશન લેવલ ઉપર એલ.આઇ.બી.નું કામ કરતા કર્મચારી નો સિંહ ફાળો હોય છે. એલ.આઇ.બી.ના કર્મચારી દ્વારા ચૂંટણી દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીમાં બુથ બિલ્ડિંગ ઉપરની વ્યવસ્થા, તમામ માહિતી, વિસ્તારમાં યોજાતા તમામ રેલી, સભા, મંજૂરી, બંદોબસ્ત માટે ફોર્સ ની ફાળવણી, બહારથી આવતા ફોર્સની રહેવાની જમવાની સગવડ, વગેરે અગત્યની ચાવી રૂપ ભૂમિકા હોય છે. પોલીસ અધિકારી માટે આ ચૂંટણી પ્રક્રિયા સમયે એલઆઈબી કર્મચારીની ચાવી રૂપ ભૂમિકાના કારણે રાઉન્ડ ધ કલોક જરૂરિયાત હોય છે. અમદાવાદ શહેરમાં તા. ૭/૫/૨૦૨૪ ના રોજ લોકસભા ચૂંટણી યોજાનાર હોઈ, તા.૪/૫/૨૦૨૪ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે એલઆઈબી કર્મચારી તરીકે કામ કરતા પો.કો. મનીષભાઈ કાનજીભાઈ ડેડાણીયા ના બહેન ગાયત્રીબેન કાનજીભાઈ ડેડાણીયા ઉવ. ૨૬, કે જેઓ બોર્નમેરો કેન્સર ની બીમારીથી પીડાતા હોય, તેઓ પોતાના વતન ૨૯, યોગીદર્શન રેસીડેન્સી, બોટાદ ખાતે પ્પાના માતા પિતા સાથે રહેતા હોય, તેઓની સારવાર ભાવનગર ચાલુ હોય, તેઓનું અવસાન તા.૪/૫/૨૦૨૪ ના સવાર કલાક ૦૭.૩૦ વાગ્યે થતા, ચૂંટણી સમયે ચાવી રૂપ ભૂમિકા



ભજવતા પોલીસ કોન્સ. મનીષભાઈ ડેડાણીયા ઉપર આભ તુટી પડ્યું હતું. પરંતુ, મનીષભાઈ દ્વારા પોતાની બહેનના અંતિમ સંસ્કાર માત્ર ચાર કલાક જેટલા સમયમાં પતાવી, ચૂંટણી કામગીરીની ચાવી રૂપ ભૂમિકાની ગંભીરતા સમજી, પોલીસ અધિકારીઓ દ્વારા તેઓને સામજિક ઉત્તરદાયિત્વ નિભાવવા પોતાના વતનમાં ઘરે હાજર રહેવા જણાવવા છતાં, પોતાની ફરજ ઉપર પરત હાજર થઈ ગયેલ હતા. હાલના સાંપ્રત સમયમાં ફરજ પરના જવાન ને ચૂંટણી ફરજ પર નહિ જવા માટે કારણ શોધતા હોય છે, ત્યારે પો.કો. મનીષભાઈ ડેડાણીયાની પોતાના ફરજ પ્રત્યેની નિષ્ઠા, પ્રમાણિકતા તમામ પોલીસ સ્ટાફને ઉડીને આંખે વળગે એવી હોય, મનીષભાઈ ડેડાણીયાની પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા, ઈમાનદારી અને પ્રમાણિકતાની ચોમેર પ્રશંસા થઈ રહી છે. હાલમાં જયારે બંદોબસ્તની વહેંચણી અને ઈફસ મશીન રવાના કરીને ચૂંટણીની અગત્યની કામગીરી કરવાની હોય અને આ કામગીરીમાં પોતાના પોલીસ સ્ટેશન, વિસ્તાર અને પોલીસ અધિકારીઓને પોતાની જરૂરિયાત હોય, પોતે આવા સંજોગોમાં ઘરે રહે તો, પોતાનો આત્મા પોતાને ડંખે અને જીવનભર આ બાબતનું પોતાને દુઃખ રહે, પોતે નગુણો કહેવાય, એવું વિચારી મનીષભાઈ ફરજ ઉપર પોતાની બહેનના અવસાન થયા બાદ માત્ર ચાર કલાકમાં અંતિમ વિધિ પતાવી હાજર થઈ ગયેલ હોવાની વાત કરતા, પોલીસ અધિકારીઓ તથા સ્ટાફને તેની ફરજનિષ્ઠા, ઈમાનદારી અને પ્રામાણિકતા ઉપર માન ઉપજયું હતું. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્રસિંહ મલિક, સ્પેશિયલ પોલીસ કમિશ્નર સેકટર ૦૨ બ્રજેશ ઝા, નાયબ પોલીસ કમિશ્નર, ઝોન ૬ રવિ મોહન સૈની, મદદનીશ પોલીસ કમિશ્નર, જે ડિવિઝન, પ્રદીપસિંહ જાડેજા, જીઆઇડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એન.ડી.નકુમ દ્વારા પણ પો.કો.મનીષભાઈ ડેડાણીયાની ફરજ નિષ્ઠા, ઈમાનદારી અને પ્રમાણિકતાની ભારોભાર પ્રસંશા કરી, પોલીસ બેડાના બીજા કર્મચારીઓ તથા અધિકારીઓએ પ્રેરણા લેવા જેવી બાબત હોવાનું જણાવી, મનીષભાઈ ડેડાણીયાને બિરદાવવામાં આવેલ હતા.

# મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડ નવીનતા અને ગુણવત્તામાં દીવાદાંડી તરીકે ઉભરી આવી

## નેશનલ ક્વોલિટી કન્વેન્શનમાં અસરદાર પ્રેઝન્ટેશન

અમદાવાદ, તા.૮

મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડે (MPL) નવીનતા અને ગુણવત્તાની બાબતોમાં લીધેલા શ્રેષ્ઠ પગલાંઓને કારણેદીવાદાંડી તરીકે ઉભરી આવી છે. MPLના દૂરદર્શી અભિગમે પેટ્રોકેમિકલ ઉત્પાદનમાં સલામતી અનેવિશ્વસનીયતા સુનિશ્ચિત કરતા શ્રેષ્ઠ ગુણવત્તાના ધોરણો નક્કી કર્યા છે. તાજેતરમાં નેશનલ ક્વોલિટીકન્વેન્શનમાં MPLની ટીમે ઈન્સ્ટિટ્યુશન ઓફ એન્જિનિયર્સ (INDIA) દ્વારા આયોજિત ઉજા રાષ્ટ્રીય ગુણવત્તા સંમેલનમાં કુશળતા અને આંતરદષ્ટિનો પરિચય કરાવ્યો હતો.



નેશનલ ક્વોલિટી કન્વેન્શનમાં MPL દ્વારા મેગા સ્કેલ પેટ્રોકેમિકલ પ્રોજેક્ટ્સ માટે ક્વોલિટી પ્લાનિંગ ટેકનિકલ પેપર રજૂ કરી ઉચ્ચત્તમ ગુણવત્તાના ધોરણો અને તેના ફાયદાઓ દર્શાવ્યા હતા. MPL ની ટીમે શ્રેષ્ઠ પરિણામો માટે કોસ્ટ ઓફ પુઅર ક્વોલિટી (CoPQ) સામે સારી ગુણવત્તાની કિંમત (CoGQ)ને સંતુલિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, તેમજ ગુણવત્તાની કિંમત (CoQ) જેવી નિર્ણાયક વિભાવનાઓનો અભ્યાસ કર્યો હતો. MPLના પ્રેઝન્ટેશનમાં અપ્રતિમ ગુણવત્તાના ધોરણોને સુનિશ્ચિત કરવા ઝીણવટભરી વ્યૂહરચના પર દર્શાવવામાં આવી હતી.

અદાણી ગ્રૂપ સંચાલિત મુન્દ્રા પેટ્રોકેમ લિમિટેડે ઉદ્યોગને મજબૂત ગુણવત્તાયુક્ત આયોજનની પરિવર્તનકારી સંભવિતતા માટે એક શક્તિશાળી સંદેશ આપ્યો હતો. ISRO અને DRDOના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો સહિત સહભાગીઓ સાથે સંરચિત નિરિક્ષણ પ્રવૃત્તિઓ અને સંસાધનોની કાર્યક્ષમ ફાળવણી પર ભાર મૂકયો હતો. આ સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન સલામતી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે MPLની પ્રતિબદ્ધતાને અસરકારક રીતે રજૂ કરવામાં આવી હતી.

MPL ગુણવત્તાયુક્ત આયોજન પ્રત્યેની પ્રતિબદ્ધતા પેટ્રોકેમિકલ ઉદ્યોગમાં માર્ગદર્શક તરીકે ઉભરી આવી છે. નવીનતા અને ટકાઉપણામાં નિશ્ચિતપણે મૂળ ધરાવતા વિઝન સાથે MPL ધોરણોને ફરીથી નિર્ધારિત કરવાનું જારી રાખશે અને આગામી પેઢીને પ્રેરણારૂપ થશે.

# આદિમ જાતી બહુલ જાંબુરમાં ધમાલ નૃત્ય સાથે લોકશાહીના પર્વની ઉજવણી કરી

## વસુધૈવ કુટુંબકમ થીમ ઉપર આધારિત મતદાન મથક ઉપર આસોપાલવના તોરણ બંધાયા




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૮

તાલાલા વિધાનસભા મતવિસ્તારમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની થીમ આધારિત માધુપુર-જાંબુર ગામ PVTG (Particularly Vulnerable Trible Group) એફ્રો-એશિયા સીદી સમાજના આદિવાસી લોકો વસવાટ કરે છે. જેની ભાતીગળ સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને માધુપુર-જાંબુર ગામમાં પારંપરિક સંસ્કૃતિ આધારિત મતદાન મથક ઉભું કરવામાં




આવ્યું છે. જ્યાં આસોપાલવના તોરણો બાંધી મતદારોને આવકારવામાં આવી રહ્યાં છે.

આ મતદાન મથકો ઉપર એફ્રો-એશિયા સીદી સમાજના આદીવાસી લોકોના સાંસ્કૃતિક વારસાને અનુરૂપ પ્રાકૃતિક રંગોથી રંગોળી તેમજ ભીંત ચિત્રો ચિતરવામાં આવ્યાં છે. જંગલ થીમને ધ્યાને રાખી આસોપાલવ/આંબાના પાનથી તોરણ લગાવવામાં આવ્યાં છે. સીદી સમુદાયના સાંસ્કૃતિક વારસાને અનુરૂપ પોસ્ટર-બેનર્સ વગેરે પ્રદર્શિત કરાયાં છે.

તદુપરાંત, ઢોલ-નગારા સાથે સીદી સમાજના પરંપરાગત ધમાલ નૃત્ય કરી મોટી સંખ્યામાં પારંપરિક પોશાક સાથે સીદી સમાજના મતદારો મતદાન કરવા આજે સવારે ઉમટી પડ્યાં હતાં. આ ઉપરાંત મતદાન મથક પર સ્ટાફ ટ્રાઈબલ કેપ પહેરીને ચૂંટણી ફરજ બજાવી હતી.

## વર્લ્ડ કપમાં ટક્કર પહેલા બાબર આઝમે કબૂલ્યું

# પાકિસ્તાનની ટીમ વિરાટ કોહલીથી ડરે છે

## ન્યૂયોર્કમાં ૯ જૂને વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શાનદાર મેચ રમાશે, આ મેચ પહેલા જ ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ

નવી દિલ્હી, તા.૮

વિરાટ કોહલી પર બાબર આઝમઃ ભારતીય ક્રિકેટરો હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૪ સીઝનમાં વ્યસ્ત છે. આ પછી, ભારતીય ટીમે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આયોજિત ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ રમવાનું છે. ન્યૂયોર્કમાં ૯ જૂને વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શાનદાર મેચ રમાશે.આ અથડામણ પહેલા જ ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે. પાકિસ્તાની ટીમના કેપ્ટન બાબર આઝમે સ્વીકાર્યું છે કે તેમની ટીમ વિરાટ કોહલીથી સૌથી વધુ ડરે છે, તેથી જ તેઓ તેમના માટે ખાસ રણનીતિ બનાવી રહ્યા છે.પાકિસ્તાનના મર્યાદિત ઓવરો કેપ્ટન બાબર આઝમે કહ્યું કે વિરાટ કોહલી ભારતના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંનો એક છે અને આવતા મહિને યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપમાં તેના બેટને નિયંત્રિત કરવા માટે ચોક્કસ રણનીતિ બનાવવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે શું તે શાનદાર ફોર્મમાં ચાલી રહેલા કોહલી સામે રણનીતિ બનાવશે? આ અંગે બાબરે કહ્યું કે એક ટીમ તરીકે અમે વિરોધી ટીમોના તમામ શ્રેષ્ઠ ખેલાડીઓ સામે રણનીતિ બનાવીએ છીએ. આવી સ્થિતિમાં કોહલી સામે પણ પ્લાન તૈયાર કરવામાં આવશે.બાબરે કહ્યું, 'અમે અન્ય ટીમોના તમામ ૧૧ ખેલાડીઓ સામે રણનીતિ બનાવીએ છીએ. અમે ન્યૂયોર્કની સ્થિતિ વિશે વધુ જાણતા નથી, પરંતુ તે (કોહલી) શ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક છે અને અમે તેની સામે પણ રણનીતિ બનાવીશું.તેમણે આશા વ્યકત કરી કે ગેરી કર્સ્ટનની સફેદ બોલના ફોર્મેટના મુખ્ય કોચ તરીકે નિમણૂક સાથે પાકિસ્તાની ટીમના પ્રદર્શનનો ગ્રાફ ઊંચો જશે. કર્સ્ટનને ગયા મહિને બે વર્ષ માટે પાકિસ્તાનનો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો હતો. ભારતે તેમના કોચ હેઠળ ૨૦૧૧નો વર્લ્ડ કપ જીત્યો હતો. તેઓ ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી ભારતના અને ૨૦૧૧ થી ૨૦૧૩ સુધી દક્ષિણ આફ્રિકાના કોચ હતા.બાબરે કહ્યું, 'તે ખૂબ જ અનુભવી કોચ છે. તેની હાજરીથી આપણને ફાયદો થશે. તે વર્લ્ડ કપ માટેની રણનીતિ બનાવવામાં ઘણો રસ લઈ રહ્યો છે અને ટીમ મેનેજમેન્ટ સાથે રણનીતિ અંગે ચર્ચા કરી રહ્યો છે.

# શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ ચૂંટણી પ્રક્રિયા: મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી



અમદાવાદ, તા.૮

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. રાજ્યના તમામ સંસદીય મતવિભાગોમાં મતદાનની પ્રક્રિયા સરળતાથી અને સુપેરે પૂર્ણ થઇ છે. રાજ્યના વિશિષ્ટ પ્રકારના મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર સરેરાશ ૫૫.૨૨ ટકા તથા વિધાનસભાની ૦૫ બેઠકો પર ૫૬.૫૬ ટકા મતદાન થયું છે. મતદાન આજે સાંજે ૬:૦૦ વાગે સંપન્ન થયું હતું.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના ૨૫ સંસદીય મતવિભાગોના ૪૯,૧૪૦ મતદાન મથકો પૈકી ૧,૮૨૦ મતદાન મથકોમાં ૨ BUs નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મતદાન દરમિયાન સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ૧૧૬ એટલે કે ૦.૨૩% BU, ૧૧૪ એટલે કે ૦.૨૩% CU અને ૩૮૩ એટલે કે ૦.૭૮ % VVPAT બદલવામાં આવ્યા હતા. તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે વિસ્તારના ઈન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા. જ્યાં પણ નાની મોટી સમસ્યા સર્જાઈ, ત્યાં ત્વરિત ઈફસ્ના બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કે વીવીપેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે.

તા. ૭ મે ના રોજ મતદાનના કલાકો દરમિયાન ભારતના ચૂંટણી પંચ દ્વારા ૮ એલર્ટ્સ મળી હતી. જેમાં ઈફસ અંગેના ૩ એલર્ટ્સ, આદર્શ આચારસંહિતા ભંગની ૧ તથા અન્ય ૪ એલર્ટ્સ હતી. C-VIGILના માધ્યમથી મતદાનના દિવસે ૧૮૬ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં કુલ ૫,૧૧૮ ફરિયાદો મળી કુલ ૫,૩૧૫ ફરિયાદો મળી છે. National Grievance Service Portal માધ્યમથી મતદાનના દિવસે ૭૫૯ ફરિયાદ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં ૧૫,૫૮૧ મળી અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૪૦ ફરિયાદો મળી છે.

મતદાનના દિવસે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ખાતે કંટ્રોલરૂમ સહિત EVM સંબંધી ૧૧, આદર્શ આચારસંહિતા સંબંધી ૨૧ તથા બોગસ વોટીંગ, કાયદો વ્યવસ્થા, ક્રાઉડીંગ વગેરે અંગે ૧૮ અને અન્ય ૪૨ મળી કુલ ૯૨ ફરિયાદો મળી છે. અન્ય માધ્યમો થકી તા. ૬ મે સુધી ૨,૩૮૪ મળી અત્યાર સુધીમાં કુલ ૨,૪૭૬ ફરિયાદો મળી છે. આમ કુલ ૨૪,૧૩૧ ફરિયાદો મળી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે. પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના ૨૫,૦૦૦ જેટલા મતદાન મથકો ખાતેથી વૅબ કાસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જ્યાં ફરિયાદો મળી હતી તે મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ થકી ક્રોસ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ પોલીંગ સ્ટાફની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, લગભગ ૪૦ થી ૪૧ ડિગ્રીની ગરમીમાં પણ મતદાન સ્ટાફે ખૂબ જ નિષ્ઠાથી ફરજ નિભાવી છે તે બદલ તેમણે મતદાન સ્ટાફ તથા તેમના પરિવારજનોનો આભાર પ્રગટ કર્યો હતો. રાજ્યમાં બનેલી કેટલીક દુ:ખદ ઘટનાઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, રાજુલામાં એક કર્મચારીને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ છે. જ્યારે જાફરાબાદ તાલુકામાં એક કર્મચારીનું મૃત્યુ થયું છે અને છોટાઉદેપુરમાં એક પોલીસ કર્મચારીનું બાઈક અકસ્માતમાં મૃત્યુ થયું છે. તેમણે દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## દરિયાઈ માર્ગે વધતી જતી નશીલા પદાર્થોની દાણચોરી

હાલમાં જ એક પાકિસ્તાની નૌકા પરથી છસો કરોડના મૂલ્યનું ૮૬ કિલોગ્રામ હેરોઈનની જપ્તી ભારતમાં નશાના વધતા કારોબારમાં વિદેશી ષડયંત્રનો ખુલાસો કરે છે. જોકે આ એકમાત્ર ઘટના નથી, હાલનાં જ વર્ષોમાં અબજો રૂપિયાના નશીલા પદાર્થોની જપ્તી કરવામાં આવી છે. અસલમાં કેટલાય દેશોના સત્તા પ્રતિષ્ઠાનોની મિલીભગતથી નાર્કો-આતંકવાદના એક મોટા પેટર્નને અંજામ આપવામાં આવી રહ્યો છે. નિશ્ચિતપણે આ ષડયંત્ર આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે એક ગંભીર પડકાર છે. પહેલાંનો અનુભવ દર્શાવે છેકે જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં નશાના કારોબારથી અર્જિત ધનને આતંકવાદના પોષણમાં લગાવવામાં આવે છે. આતંકવાદીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગયા વર્ષના મે મહિનામાં પણ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો એટલે કે એનસીબી અને નૌકાદળના સંયુક્ત મિશન દ્વારા કેરળ તટ પર અઢી હજાર કિલોગ્રામ નશીલા પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત પંદર હજાર કરોડ રૂપિયા ગણાવવામાં આવી હતી. આ દેશમાં ઝડપાયેલી અત્યાર સુધીની સૌથી મોટી નશાની ખેપ હતી.

ગયા મહિને ગુજરાતના તટ પર સાઈઠ પેકેટ ડ્રગ્સ લઈ જતી એક નૌકાને જ્યારે જપ્ત કરવામાં આવી ત્યારે છ પાકિસ્તાની ચાલક દળના સદસ્યોની ધરપકડ કરવામાં આવી. આ જ રીતે ફેબ્રુઆરીમાં પોરબંદર તટ પર પાંચ વિદેશી નાગરિકોને ચરસ અને ૩૩૦૦ કિલોગ્રામ નશીલા પદાર્થો સાથે પકડવામાં આવ્યા હતા. અસલમાં આ નશાના કારોબારની શરૂઆત હંમેશાં અફઘાનિસ્તાનથી થાય છે, જ્યાં અફીણ અને હેરોઈનનું મોટા પાયે ઉત્પાદન થાય છે. નશાનો આ કારોબાર હવે અફઘાન સરકારની આવકનો મોટો સ્રોત પણ છે. જોકે હાલના ઘટનાક્રમ સમુદ્ર દ્વારા માદક પદાર્થોની તસ્કરીનો સામનો કરવા માટે ગંભીર ઉપાયોની જરૂરિયાત દર્શાવે છે. જેના માટે મજબૂત કાયદા, પ્રવર્તન એજન્સીઓની ભાગીદારી, કુશળ ગુપ્તચર તંત્ર, નૌસેના અને તટરક્ષક દળોમાં તાલમેલ અને આતંકરોધી ટીમ દ્વારા નિરીક્ષણ તંત્રને મજબૂત બનાવવાની જરૂર છે.

એ પણ વિચારણીય પ્રશ્ન છે કે નશીલા પદાર્થ કઈ રીતે અને ક્યાં ભારતમાં વેચાઈ રહ્યા છે. નશીલા પદાર્થોની માંગ પક્ષને પણ સંબોધિત કરવાની જરૂર છે. નશીલી દવાઓની રોકથામની સાથે જ પુનર્વાસ કાર્યક્રમો કરવાની જરૂર છે. સાથે જ નશા વિરુદ્ધ યુવાઓ વચ્ચે જાગરુકતા અભિયાન ચલાવવાની જરૂર છે. એ ઉપાયોને લાગુ કરવા પડશે જે યુવાઓને નશાથી દૂર રાખવામાં મદદગાર થઈ શકે. જ્યારે પણ નશાની કોઈ મોટી ખેપ જપ્ત થાય છે તો આપણી ચિંતા વધી જાય છે. સોમવારે પંજાબમાં નશાની એક મોટી ખેપ સાથે ડ્રગ મની અને અન્ય ગેરકાયદે સામાન જપ્ત કરવામાં આવ્યા. આ કાળા ધંધામાં આરોપી વ્યક્તિ જ નહીં, તેની પુત્રી અને જમાઈ પણ સંડોવાયેલા હતા. આ નશાનો સામાન પાકિસ્તાનના રસ્તે ભારત પહોંચી રહ્યો હતો. સવાલ થાય છે કે જો આટલા મોટા પાયે નશીલા પદાર્થોની જપ્તી ન થઈ હોત તો કેટલાય યુવા નશીલા પદાર્થોનું સેવન કરીને પથભ્રષ્ટ થતા? દેશનું કેટલું ધન વિદેશોમાં ચાલ્યું જતું? આ નશાથી મળનારાં નાણાં સમયાંતરે આતંકવાદ અને અપરાધની દુનિયાને મજબૂત કરતા.

હાલના દિવસોમાં જ નશીલા પદાર્થોની ભારે માત્રામાં જપ્તી એ વાત તરફ ઈશારો કરે છે કે દેશમાં નશીલા પદાર્થોની ખપત સતત વધી રહી છે જે નિશ્ચિત રૂપે દેશની યુવા શક્તિને પતનના માર્ગ તરફ લઈ જઈ રહી છે. જોવામાં આવ્યું છે કે નશીલા પદાર્થોનું સેવન કરનારા યુવા મોંઘો નશો કરવા માટે અપરાધની દુનિયામાં ઉતરી જાય છે. એ દુર્ભાગ્યપૂર્ણ છે કે પંજાબ અને દેશના અન્ય ભાગોમાં દર વર્ષે હજારો યુવા નશાના ઓવરડોઝથી મોતની ચુંગાલમાં ફસાઈ જાય છે. એવામાં દેશના ભવિષ્યને બચાવવા માટે આપણે રાષ્ટ્રીય સ્તર પર વધારાના સુરક્ષા ઉપાયો કરવાની જરૂર છે. ગયા વર્ષે પંજાબમાં ડ્રોન દ્વારા નશીલા પદાર્થો ભારત લાવવાના કેટલાય મામલા પ્રકાશમાં આવ્યા. કેટલાય ડ્રોન તોડી પાડવામાં આવ્યા અને ભારે માત્રામાં નશીલા પદાર્થો અને હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા. આ હાલતમાં સુરક્ષા તંત્રને મજબૂત કરવા, નશામુક્તિ અભિયાન ચલાવવા અને નશેડીઓના પુનર્વાસ માટે ગંભીર પ્રયાસ કરવાની જરૂર છે.

### કાળઝાળ ગરમી વચ્ચે પડશે વરસાદ

## ગુજરાતના ૪ જિલ્લાઓમાં વરસાદની આગાહી : હવામાન વિભાગ

**ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે**

અમદાવાદ, તા.૮

રાજ્યમાં ગરમીનું જોર રહેવાની અને હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સાથે જ વરસાદ થવાની સંભાવનાઓ પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રાજ્યાના ચાર જિલ્લાઓમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.આજે ગુજરાતમાં મતદાનનો દિવસ છે, લોકસભાના ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાનનો દિવસ છે આવામાં આકરી ગરમી વચ્ચે મતદારો સવારે જે ગતિથી મતદાન મથકો પર આવી રહ્યા હતા તેમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઘણાં મતદાન મથકો આકરી ગરમીના કારણે ખાલીખમ દેખાઈ રહ્યા છે. આવામાં ગુજરાતમાં હવામાનની શું સ્થિતિ છે તે અંગે અમદાવાદ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય દ્વારા કેટલીક જરુરી માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે,ભરબપોરે અંબાજીમાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય જણાવે છે કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે હળવા વરસાદની સંભાવનાઓ કેટલાક વિસ્તારો માટે વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની શક્યતાઓ દક્ષિણ ગુજરાત માટે વ્યક્ત કરાઈ રહી છે. હળવા વરસાદની સંભાવનાઓ છે તેમાં છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગનો સમાવેશ થાય છે. હળવા વરસાદની શક્યતાઓ પહેલા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ છે જેમાં કેટલાક વિસ્તારમાં હીટવેવની પણ શક્યતાઓ છે જેમાં દીવ અને ભાવનગરનો સમાવેશ થાય છે. અહીં ૭ અને ૮ મે એમ બે દિવસ હીટવેવ રહેવાની શક્યતાઓ છે.

ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમી સાથે બફારાની સ્થિતિ આગામી દિવસોમાં રહેવાની સંભાવનાઓ છે. મહત્તમ તાપમાનમાં આગામી દિવસોમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ અને ગાંધીનગરમાં ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. આજે ગાંધીનગર અને અમદાવાદમાં તાપમાન ૪૨ ડિગ્રી જવાની સંભાવનાઓ છે. ગુજરાતમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી નોંધાયું છે. આમ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની સંભાવનાઓ સાથે ૧૨ અને ૧૩ તારીખે ગુજરાતના દક્ષિણ ભાગમાં હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે.

### કોરોના દરેક સામે કારગર All-In-One રસી

## વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઇન-વન રસી શોધી કાઢી

**જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે**

નવીદિલ્હી તા.૮

વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની ટીમે કોરોના વાયરસ સામેની લડાઈમાં મોટી સફળતા હાંસલ કરી છે. આ ટીમે કોરોનાને હરાવવા માટે એક નવો ઓલ-ઈન-વન ડોઝ વિકસાવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ડોઝ માનવોને કોરોના વાયરસના દરેક પ્રકારથી સુરક્ષિત કરી શકે છે. આમાં તે વેરિયન્ટ્સ પણ સામેલ છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. હકીકતમાં, કોરોનાને લઈને એ વાત સામે આવી છે કે આ વાયરસ તેના સ્વરૂપમાં લોકોની મુશ્કેલીઓ વધારે છે. આ વાયરસથી બચાવ માત્ર રસી દ્વારા જ શક્ય છે.અમેરિકા અને યુરોપના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઈન-વન રસી શોધી કાઢી છે. આ રસી ઓમિક્રોન, ડેલ્ટા, આલ્ફા, ગામા, એક્સ સહિત કોરોનાના તમામ પ્રકારો સામે રક્ષણ આપી શકે છે.

વૈજ્ઞાનિકનું આ સંશોધન સોમવારે 'નેચર નેનોટેકનોલોજી'માં પ્રકાશિત થયું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ નવી શોધ પ્રોએક્ટિવ વેક્સિનોલોજી પર આધારિત છે, જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે. અમેરિકાની ઓક્સફર્ડ, કેમ્બ્રિજ યુનિવર્સિટી અને કેલ્ટેકના સંશોધકોએ સંયુક્ત રીતે આ અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કોરોના વાયરસના આઠ વિવિધ પ્રકારો પર તેની અસરની પણ તપાસ કરવામાં આવી હતી. આમાં SARS-CoV-2 નો પણ સમાવેશ થાય છે જેના કારણે COVID-૧૯ ફાટી નીકળ્યો અને હાલમાં હવામાં ફરતા અનેક પ્રકારો અને માનવોમાં ફેલાવાની અને રોગચાળાનું કારણ બને તેવી સંભાવના ધરાવે છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના સ્નાતક સંશોધક રોરી હિલ્સે જણાવ્યું હતું કે, અમારું ધ્યાન એવા ડોઝ બનાવવા પર છે જે આપણને આગામી કોરોના વાયરસથી સુરક્ષિત કરે.

તેને ટૂંક સમયમાં તૈયાર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઉદાહરણ તરીકે, નવા ડોઝમાં SARS-CoV-1 કોરોના વાયરસનો સમાવેશ થતો નથી. પરંતુ તે હજી પણ તે વાયરસ સામે મનુષ્યમાં રોગપ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરી શકે છે. તેમણે કહ્યું કે નવા કોરોના વાયરસની મહામારી આવે ત્યાં સુધી આપણે રાહ ન જોવી જોઈએ.

હિલ્સે કહ્યું, અમે એક ડોઝ બનાવ્યો છે જે વિવિધ પ્રકારના કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે, જેમાં એવા પ્રકારોનો સમાવેશ થાય છે કે જેના વિશે અમને હજુ સુધી ખબર નથી. તેની અસરકારકતાની ચાવી એ છે કે ચોક્કસ વાયરસ પ્રદેશો કે જેને રસી લક્ષ્યાંકિત કરે છે તે ઘણા સંબંધિત કોરોના વાયરસમાં પણ દેખાય છે. આ વિસ્તારો પર હુમલો કરવા માટે રોગપ્રતિકારક તંત્રને તાલીમ આપીને, તે અન્ય કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડે છે જેઓ રસીમાં દર્શાવવામાં આવ્યા નથી, જેમાં હજી સુધી ઓળખવામાં આવી નથી.

તેમણે કહ્યું, આપણે કોરોનાના નવા પ્રકાર માટે રાહ જોવાની જરૂર નથી. રિપોર્ટના વરિષ્ઠ લેખક અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના ફાર્માકોલોજી વિભાગના પ્રોફેસર માર્ક હોવાર્થે કહ્યું કે, અમે કોરોના અને તેની સામેની વિવિધ પ્રતિરક્ષાઓ વિશે પૂરતા પ્રમાણમાં જાણીએ છીએ. હવે આપણે કોરોના સામે રક્ષણાત્મક રસી તૈયાર કરી શકીએ છીએ.

## જો બિડેને યહૂદી અને મુસ્લિમ સમુદાયો માટે ફેડરલ ભંડોળમાં $ ૩૩ બિલિયનની જાહેરાત કરી

અમેરિકા,તા.૮

જો બિડેન સરકારે અમેરિકામાં મસ્જિદો અને યહૂદી ધાર્મિક સ્થળો માટે મોટું પગલું ભર્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને ધાર્મિક સ્થળોની સુરક્ષા માટે અબજો રૂપિયા (૪૦૦ મિલિયન યુએસ ડોલર એટલે કે લગભગ ૩૩ બિલિયન) સંઘીય ભંડોળની જાહેરાત કરી છે. ભંડોળમાં US$૯૫ મિલિયનનો આ વધારો યહૂદી અને મુસ્લિમ સમુદાયો સામે વધતા જોખમોના જવાબમાં આવ્યો છે.

સેનેટના નેતા ચક શૂમરે રવિવારે આની જાહેરાત કરી હતી. ન્યૂયોર્ક સિટીના ડેમોક્રેટ શૂમરે કહ્યું કે અમેરિકાની તમામ મસ્જિદો અને ધાર્મિક સ્થળો તેમની સુરક્ષા માટે આ ફંડનો ઉપયોગ કરી શકે છે. સુરક્ષા કર્મચારીઓની નિમણૂક કરવા અથવા મસ્જિદો અને ધાર્મિક સ્થળોમાં કેમેરા લગાવવા માટે, તેઓ આ ભંડોળનો ઉપયોગ કરી શકે છે પરંતુ તેમણે તેના માટે અરજી કરવાની રહેશે.

શૂમરે કહ્યું કે અમે ફંડિંગ ચાલુ રાખીશું જેથી કરીને કોઈપણ ધાર્મિક સ્થળો કે મસ્જિદોને ડરના પડછાયામાં જીવવું ન પડે જેની સાથે તેઓ હવે જીવે છે. ગયા વર્ષે, બિડેન સરકારે મસ્જિદો અને યહૂદી ધાર્મિક સ્થળોની સુરક્ષા માટે યુએસ ઈ ૩૦૫ મિલિયન (રૂ. ૨૫ અબજ) ફાળવ્યા હતા. તમને જણાવી દઈએ કે પ્રથમ રાઉન્ડના ફંડ માટે ધાર્મિક સ્થળોએ ૨૧ મે સુધીમાં અરજી કરવાની રહેશે.આ સમગ્ર મામલે ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું કે ન્યૂયોર્ક સિટીના ત્રણ ધાર્મિક સ્થળો અને બ્રુકલિન મ્યુઝિયમને શનિવારે ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી. આ ધમકીઓને કારણે બે ધાર્મિક સ્થળો ખાલી કરાવવા પડ્યા હતા. જોકે, ત્યાંથી કોઈ વિસ્ફોટકો મળી આવ્યા ન હતા. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં ઈસ્લામોફોબિયામાં નોંધપાત્ર વધારો થયો છે.

ઈસ્લામ અને મુસ્લિમો વિરુદ્ધ ગુનાઓમાં વધારો થયો છે. તેની સાથે વ્યવહાર કરવા માટે વિશ્વના ઘણા દેશો તેમના ભંડોળમાં વધારો કરી રહ્યા છે જેથી તેને નિયંત્રિત કરી શકાય. થોડા મહિના પહેલા એક રિપોર્ટ સામે આવ્યો હતો કે યુનાઈટેડ કિંગડમમાં મુસ્લિમો વિરુદ્ધ નફરત અને અપરાધમાં વધારો થયો છે અને તે ગયા વર્ષ કરતા ૧૪૦ ટકા વધુ છે. બ્રિટને આના પર કડકાઈ દાખવવા માટે ફંડિંગ પણ વધાર્યું હતું.

## FBI એજન્ટ કામરાન ફરીદીને પાકિસ્તાન પરત મોકલવાનો અમેરિકાનો નિર્ણય

ફ્લોરિડા,તા.૮

યુએસ ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અથવા એફબીઆઈના ભૂતપૂર્વ હાઈ-પ્રોફાઈલ એજન્ટ કામરાન ફરીદીને લગભગ ચાર વર્ષ પસાર કર્યા પછી ફ્લોરિડા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. એજન્ટને આ શરતે મુક્ત કરવામાં આવ્યો છે કે તે આ વર્ષના ઓગસ્ટ પહેલા પોતાને પાકિસ્તાન મોકલી દેશે. કોર્ટના આદેશ અનુસાર, ન્યૂયોર્કના દક્ષિણી જિલ્લાના જિલ્લા ન્યાયાધીશ કેથી સીબેલે ફરિદીને ૮૪ મહિનાની મૂળ સજામાંથી ૭૨ મહિનાની ઓછી જેલની સજા પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

વાસ્તવમાં, કામરાન ફરીદી એક સમયે હાઈ-ફ્લાઈંગ સ્પાય ઓપરેટર હતો, જે એક સમયે કરાચીનો સ્ટ્રીટ ગેંગસ્ટર હતો. પરંતુ એવું માનવામાં આવે છે કે તેમની મુક્તિ છતાં ફરીદીની મુશ્કેલીઓ ઓછી નહીં થાય. અમેરિકી સરકારે તેમની નાગરિકતા જ રદ કરી નથી પરંતુ UAE અને તુર્કીમાં તેમની બે રહેઠાણ પરમિટ પણ રદ કરી છે.

ફરીદીને ૯ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ વેસ્ટચેસ્ટર, ન્યૂયોર્કમાં ત્રણ ભૂતપૂર્વ FBI સાથીદારોને ધમકી આપવા બદલ જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. ૧૬ ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ લંડનમાં કરાચી સ્થિત ઉદ્યોગપતિ જાબીર મોતીવાલાની ધરપકડમાં ફરિદીની પ્રોફાઈલ અને તેની ભૂમિકા, આ પત્રકાર દ્વારા સૌપ્રથમ ખુલાસો કરવામાં આવ્યો હતો. તે એટલા માટે હતું કે કરાચીનો એક ગુનેગાર એફબીઆઈ એજન્ટ કેવી રીતે બન્યો તેના પર વ્યાપક પ્રકાશ ફેંકી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંસારમાં એવા કાર્યો કરવા જોઈએ જેથી દરેકને સુખ, શાંતિ અને પ્રસન્નતા મળે.

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૩૦ શ્રી રવિન્દ્રનાથ ટાગોર જયંતિ તા.૮ મે ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૮, ભરણી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૨૧

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સાંજે ૭:૦૬ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.
વૃષભ:સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.
મિથુન:નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.
કર્ક: લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.
સિંહ: પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કન્યા: વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.
તુલા: આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.
વૃશ્ચિક:વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
ધન: માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.
મકર: સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.
કુંભ: ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.
મીન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.

## અનન્યા બિરલાએ તેના જીવનનો સૌથી મુશ્કેલ નિર્ણય લીધો



(જી.એન.એસ) મુંબઈ,તા.૮

પોતાની ગાયકીથી બધાને પ્રભાવિત કરનાર પ્રખ્યાત બિઝનેસમેન કુમાર મંગલમ બિરલાની પુત્રી અનન્યા બિરલાએ પોતાના જીવનનો સૌથી મોટો નિર્ણય લીધો છે. તેણે ગાવાનું કાયમ માટે છોડી દીધું છે. તેણે આ માહિતી સોશિયલ મીડિયા દ્વારા શેર કરી અને એક ઈમોશનલ પોસ્ટ પણ લખી. આ પોસ્ટ વાંચીને ચાહકો ખૂબ જ દુખી છે. અનન્યાએ બોલિવૂડમાં પણ કામ કર્યું હતું, તેથી તેના નિર્ણય અંગે બોલિવૂડમાંથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરતા અનન્યાએ લખ્યું- મિત્રો, મારા માટે આ સૌથી મુશ્કેલ નિર્ણય હતો. હવે હું તે તબક્કે પહોંચી ગયો છું જ્યાં મારા માટે વ્યવસાય કરવો, તેને આગળ લઈ જવું અને તેની સાથે ગાવું મુશ્કેલ બની ગયું છે. સંતુલન જાળવવું મારા માટે લગભગ અશક્ય બની ગયું છે. મેં અત્યાર સુધી રજૂ કરેલા તમામ ગીતોને આટલો પ્રેમ આપવા બદલ આપ સૌનો આભાર.

# ગીરથી ભાવનગર સુધી વિસ્તરેલા સાવજોને ઘર મળે એ માટે લોક ભાગીદારીથી પ્રયાસો શરૂ કરાયા

● કન્ઝર્વેશન રિઝર્વ માટે ભાવનગર જિલ્લામાં ૩૦૦ અને અમરેલીના ૧૦૯ ગામોને આવરી લેવાયા ● ૪૦૯ ગામોમાં પાણીના પોઈન્ટ અને ઘાસના મેદાનોનું કરાશે નિર્માણ : પડતર જમીનોમાં વન તળાવ બનાવાશે



અમદાવાદ, તા.૮

એક સમયે ગીરનું જંગલ એ સાવજોનું ઘર હતુ. પરંતુ ગીરના સિંહો હવે છેક ભાવનગર, દીવ સુધી પહોંચી ગયા છે. ત્યારે નવા વિસ્તારોમાં આવી ચઢેલા સિંહો માટે હવે લોકોએ જ પ્રયાસો શરૂ કર્યા છે. ગીરથી ભાવનગર સુધી વિસ્તરેલા સાવજો ને ઘર મળે એ માટે લોક ભાગીદારીથી પ્રયાસો હાથ ધરાયા છે. ૪૦૯ ગામોમાં પાણીના પોઈન્ટ અને આફ્રિકા જેવા ઘાસના મેદાનોનું નિર્માણ કરવામાં આવશે. વહીવટી તંત્રની મંજૂરીથી પડતર જમીનોમાં વન તળાવ, ચેકડેમ અને ઘાસના મેદાનો બનાવવામાં આવશે. જેના કારણે પાણીના તળ ઊંચા આવતા ખેત ઉત્પાદન વધશે અને ખેડૂતોને ફાયદો થશે. સાથે પાકનો નાશ કરતા જંગલી ભૂંડ અને નિલગાયના ત્રાસમાંથી પણ મુક્તિ મળશે. આ માટે વન વિભાગ દ્વારા લોક જાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સિંહોની વસ્તી સતત વધી રહી છે. ગીરના સિંહો હવે છેક ભાવનગર સુધી આવી ચઢ્યા છે. ૨૦૦૫માં થયેલી સિંહની વસ્તીગણતરી વખતે જ્યારે કુલ ૩૫૯ સિંહમાંથી ભાવનગર જિલ્લામાં ૧૪ નોંધાયા હતા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ એકસાથે ૧૪ સિંહ દેખાયા હતા. એ વખતે પાલિતાણા, તળાજા અને મહુવા તાલુકાઓમાં કુલ ૨૫ સિંહનો વસવાટ હતો. ભાવનગરમાં સિંહોની વસ્તી કૂદકેને ભૂસકે વધી રહી છે. તેથી હવે ભાવનગરના સાવજોને સાચવવાની જરૂર પડી છે. સિંહની વસ્તી વધ્યા બાદ તેમને યોગ્ય વાતાવરણ આપવાની પણ જરૂર છે. તેથી ભાવનગર સુધી પહોંચેલા સિંહોના રક્ષણ માટે વનવિભાગે શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વ અંતર્ગત લોકભાગીદારી થકી પ્રયાસો શરૂ કરી દીધા છે. પીવાના પાણી અને રહેવા માટે આફ્રિકામાં હોય છે એવું ઘાસનું મેદાન મળી રહે એ માટે શેત્રુંજી કન્ઝર્વેશન રિઝર્વની યોજના બનાવી છે, જે અભયારણ નહીં હોય પણ તેમાં વનવિભાગ સિંહોને પીવાના પાણી માટેના પોઈન્ટ. ઘાસની વીડી જેવું બનાવી શકશે. આ વિસ્તારો એવા હશે જ્યાં નાગરિકોના તમામ હક્ક જળવાઈ રહેશે, તેની ફરતે ફેન્સિંગ પણ નહીં હોય અને પશુપાલકો, ખેડૂતો, સામાન્ય લોકો ત્યાં બેરોકટોક અવરજવર કરી શકશે. આ રીતે અત્યાર સુધીમાં અક્ષર ન મળે તો ડીલેટ કરવા ૧૦૦થી વધુ તળાવો, ચેકડેમ તૈયાર કરી દીધાં છે. આ અંગે નિવૃત્ત સીસીએફ દુષ્કૃત વસાવડા કહે છે કે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ ૪ પ્રકારના રક્ષિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવે છે. અભયારણ, રાષ્ટ્રીય ઉદ્યાન, કન્ઝર્વેશન રિઝર્વ અને કોમ્યુનિટી રિઝર્વ. જેમાં કન્ઝર્વેશન રિઝર્વમાં લોકભાગીદારી થકી વન્ય પ્રાણીઓનું સંરક્ષણ કરવામાં આવતું હોય છે. જેમાં રેવન્યુ વિસ્તારના સરકારી/ પડતર ગૌચર વિસ્તારો કે જેમાં વન્યપ્રાણીનો વસવાટ અથવા તો અવર-જવર નોંધાયા હોય તેવા વિસ્તારોમાં ગ્રામ પંચાયત સાથે સહમતી સાધી ત્યારબાદ જે તે વિસ્તારને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવા માટે સરકારમાં દરખાસ્ત કરવામાં આવતી હોય છે. આ માટેની દરખાસ્ત ૨૦૧૮માં મુકાઈ હતી. જોકે, હજી સુધી માત્ર ૨ ગ્રામ પંચાયતોએ તેની મંજૂરી માટેના ઠરાવ અમને આપ્યા છે. ત્યાં જે વ્યવસ્થા ઊભી થઈ છે એનાથી ખેડૂતોને સીધો ફાયદો થયો છે. સિંહોને બચાવવા માટે લોકોનો સાથ પણ મેળવાશે ગામેગામે લોકોને સમજાવવામા આવી રહ્યાં છે. ભાવનગર જિલ્લાનાં ૩૦૦ અને અમરેલી જિલ્લાનાં ૧૦૯ ગામોને આવરી લેવાયા છે. આ ગામોમાં જે પડતર જમીન હોય એમાં કલેક્ટરની મંજૂરી મેળવીને જમીન હસ્તગત કરવાની હોય છે. અત્યારે વનવિભાગ ગામોમાં ફરીને તેના ફાયદા વિશે સમજાવી રહ્યો છે. જોકે, અત્યાર સુધીમાં ફક્ત ૨ ગ્રામ પંચાયતોએ આ માટેની સહમતિના ઠરાવ કરીને મોકલ્યા છે.

# UPSC ટોપર હેમંત : નમ્ર શરૂઆત અને પ્રામાણિક પ્રયત્નોની વાર્તા




નવી દિલ્હી, તા.૮

હેમંત આ વર્ષની UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષા અખિલ ભારતીય ક્રમાંક ૮૮૪ સાથે પાસ થયો છે. જો કે આ સરળ નથી, તેની યાત્રા ખરેખર અસાધારણ છે. તેની વાર્તાની પડકારો ઉપર કાબુ મેળવી અને તેણે દાખવેલી ધીરજ અને દ્રઢતા વિશે છે. રાજસ્થાનના હનુમાનગઢના બિરાન નામના નાનકડા ગામથી વતની હેમંતની માતા મનરેગા કાર્યકર તરીકે કામ કરતી હતી, જે ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકાની મૂળભૂત સુરક્ષા પૂરી પાડતી યોજના છે જ્યારે તેના પિતા ગામમાં પૂજારી છે. વધુમાં હેમંતને વિકલાંગ હોવાના પડકારનો સામનો કરવો પડ્યો કારણ કે તેનો એક હાથે કામ કરતો નથી. પરંતુ ટોચના અધિકારી બનવાની અને UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રવેશવાની તેની ઈચ્છાને આ ઘટનાને પગલે પ્રગટી જ્યારે તેની માતા જ્યાં કામ કરે છે ત્યાં સ્થાનિક કોન્ટ્રાક્ટરો દ્વારા ૨૨૦ રૂપિયાનું વાજબી વેતન નકારવામાં આવ્યું હતું. સરકારી કચેરીઓ દ્વારા ન્યાય મેળવવાના તેના પ્રયત્નો છતાં હેમંતને નકારી કાઢવામાં આવ્યો. એક કોન્ટ્રાક્ટર દ્વારા ઉચ્ચારવામાં આવેલ એક વાક્ય, તુ કહીં કા કલેક્ટર હે ક્યા (શું તુ જિલ્લા કલેક્ટર છે) તેની હેમંતને ઊંડી અસર થઈ. હેમંતને ત્યાં સુધીમાં કલેક્ટર કોણ છે તે પણ ખબર ન હતી, તેણે વિચાર્યું કે કોન્ટ્રાક્ટર બસ કંડક્ટરનો ઉલ્લેખ કરી રહ્યો છે. હેમંતે IASની કચેરી વિશે પૂછપરછ કરી અને આવો અન્યાય વારંવાર ન થાય તે માટે સરકારી કર્મચારી બનવાનું નક્કી કર્યું. તેના માતા-પિતા માટે ન્યાય માટેની આ પ્રારંભિક ઝુંબેશ ગરીબ અને નબળા લોકોના અધિકારોની હિમાયત કરવાના વ્યાપક ધ્યેયમાં વિકસિત થઈ. પોતાના ધ્યેયને આગળ ધપાવવા માટે નિર્ધારિત હેમંતે અત્યંત મર્યાદિત સંસાધનો હોવા છતાં વિશ્વની સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એકમાં સફળ થવાની પડકારજનક યાત્રા શરૂ કરી. તેણે દરરોજ મધ્યરાત્રિ સુધી તેની કોલેજ લાઈબ્રેરીમાં અભ્યાસ કરવા માટે લાંબા કલાકો સમર્પિત કર્યા, જેમાં રાજકારણ અને ઈતિહાસ જેવા આવશ્યક વિષયોને આવરી લેવામાં આવ્યા. કોચિંગ માટેના સંસાધનોની અછત હતી પરંતુ, હેમંતના જુસ્સા અને સમર્પણે તેને સમુદાય તરફથી સમર્થન અપાવ્યું, તેને દિલ્હી, ખાસ કરીને પટેલ નગર, મહત્ત્વાકાંક્ષી સરકારી કર્મચારીઓ માટેનું હબ, સ્થાનાંતરિત થવા માટે નાણાકીય સાધનો પૂરા પાડ્યા. પટેલ નગરની લાઈબ્રેરીમાં હેમંતે દિવ્યાંશી લેહરી, એક સાથી અભિલાષી સાથે પડાવો પાર કર્યા, જેણે તેને યુટ્યુબ પર દૈનિક સમાચારના સરળ વર્ગો સાથે પરિચય કરાવ્યો જે રાઉનું IAS સ્ટડી સર્કલ દેશભરમાં UPSC ઉમેદવારોને વર્તમાન બાબતોની તૈયારી કરવામાં મદદ કરવામાં મદદ કરે છે. હેમંતે તેના ફોન પર બે વર્ષ સુધી DNSને ઊંડાણપૂર્વક અનુસરી, તેનો ઉપયોગ કરીને GS અભ્યાસક્રમના વિવિધ વિભાગો માટે નોંધો તૈયાર કરી. આનાથી મુખ્ય વિષયોમાં તેની નિપુણતા સાથે તેને પ્રિલિમ્સ પાસ કરવામાં અને GS મેઈન્સમાં આત્મવિશ્વાસ કેળવવામાં મદદ મળી. હેમંત DNS પહેલ માટે એટલો આભારી છે કે રાઉના IAS સ્ટડી સર્કલ સાથેની એક મુલાકાતમાં તેણે કહ્યું કે, હવે જ્યારે તે તેની પાડોશની કોઈપણ શાળાની મુલાકાત લે છે, ત્યારે તે સરકારી કર્મચારી બનવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને માત્ર યુટ્યુબ ઉપર DNS ફોલો કરવા કહે છે. શરૂઆતમાં મુખ્ય પરીક્ષામાં તેની તકો વિશે શંકા હોવા છતાં હેમંત ઈન્ટરવ્યુ માટે લાયક ઉમેદવારોની યાદીમાં તેનું નામ જોઈને ખુશ થયો. તેના શિક્ષણ અંગે તેના ઈન્ટરવ્યુ પ્રદર્શનને અસર કરતી ચિંતા હોવા છતાં હેમંતે રાઉના IAS સ્ટડી સર્કલ પાસેથી માર્ગદર્શન માંગ્યું, જ્યાં તેણે એકેડેમિક ટીમના સભ્ય પુનીત પાસેથી મફત UPSC ઈન્ટરવ્યુ મેન્ટરશિપ મેળવી. સાથે મળીને તેઓએ હેમંતના ઈન્ટરવ્યુ કૌશલ્યોને સુધારવા ઉપર કામ કર્યું, પરિણામે UPSC બોર્ડના સભ્યોએ પ્રશંસા મેળવી. અંતિમ પરિણામ જોઈને હેમંત હર્ષના આંસુઓ રડી પડ્યો અને તેના પરિવારજનો તેની ખુશીમાં ભાગીદાર હતા. તેમની આકાંક્ષાઓ વ્યક્તિગત સફળતાથી પરે છે; તેનો ઉદ્દેશ્ય તેના માતા-પિતાને આરામદાયક જીવન મળે તે સુનિશ્ચિત કરવાનો છે અને તે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો અને નબળાં લોકો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં કામ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણ કે તે શિક્ષણને તેમના માટે પરિવર્તનકારી સાધન તરીકે જુએ છે. હેમંતની UPSC પરીક્ષામાં સફળતાની સફરથી સ્પષ્ટ થાય છે કે UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષા એ દેશની સૌથી ન્યાયી રીતે આયોજિત પરીક્ષાઓમાંની એક છે. સમર્પણ, પ્રામાણિકતા અને દ્રઢતા સાથે કોઈપણ લાયક બની શકે છે. તદુપરાંત હેમંતની વાર્તા ઉદાહરણ પૂરૂં પાડે છે.

## ગુજરાતના લોકોના આરોગ્ય સાથે ચેડા

# બજારમાં તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ કરી વેચવાનું કૌભાંડ

**ફૂડ આઈટમના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટીનના ગેરકાયદે વપરાશ કરતા ઉત્પાદકો ઉપર બાજ નજર રાખવા નિર્દેશ**




અમદાવાદ, તા.૮

રાજ્યભરમાં હાલ ખાણીપીણીને લઈને લોકોના આરોગ્ય સાથે ભારે ચેડા થઈ રહ્યાં છે. આઈસ્ક્રીમ, બરફના ગોળાથી લઈને તેલ, હળદર, મરચું, ઘી વગેરેમાં ખૂબ ભેળસેળ થઈ રહી છે. ત્યારે હવે ખાદ્યતેલમાં ભેળસેળનું નવા પ્રકારનુ કૌભાંડ સામે આવ્યું છે. તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ કરીને તેલ વેચાઈ રહ્યું છે. આ કારણે લોકોની હેલ્થ બગડી શકે છે. તેથી લોકોની હેલ્થ બગડે તે પહેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ અંગે આદેશ કરવામા આવ્યા છે. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફૂડ આઈટમના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટીનના ગેરકાયદે વપરાશ કરતા ઉત્પાદકો ઉપર બાજ નજર રાખવા તમામ જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને નિર્દેશ કર્યો છે. ઉત્પાદકો અવાર નવાર રિસાઈકલ્ડ (જૂના ટીન) નો ઉપયોગ કરતાં હોય છે, આવી પેઢીઓની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે તંત્રો રાજયભરના ડેઝિગ્નેટેડ ઓફિસરોને સૂચના આપી છે. રિસાઈકલ કરાયેલા ટીન પહેલેથી જ એક વખત ઉપયોગમાં લેવાઈ ચૂક્યા હોય છે, ફૂડ આઈટમના વપરાશ પછી ગાહક દ્વારા તેનો નિકાલ કરવામાં આવે છે અને ત્યાર બાદ અનૈતિક રીત રસમ અપનાવી પેકર્સ દ્વારા તેનો પેકિંગ માટે ફરીથી ઉપયોગ કરવામાં આવે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો પ્રમાણે ખાવાની કોઈ પણ વસ્તુના પેકેજિંગ માટે વપરાયેલા કન્ટેનર ડબ્બાનો ફરીથી ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે. રિસાયકલ કરાયેલા ડબ્બા વ્યાપકપણે ઉપલબ્ધ હોવા છતાં ઘણા લોકો તેના ઉપયોગ સાથે સંકળાયેલા સંભવિત જોખમોથી હજુય અજાણ છે. યોગ્ય રીતે સાફ કર્યા વિના કે રિપર્પઝ કરાયા વિના ફરીથી ઉપયોગમાં લેવાતા આવા ડબ્બા સમય જતાં આરોગ્યને લગતા મોટા જોખમો ઊભા કરે છે. ઘણા ઓઈલ મીલમાં તો આવા જુના ડબાના વપરાશના કારણે અમુક ડબા લીકેજ હોવાના કારણે લોકોને ડબામાં તેલનું વજન પણ ઓછું આવે છે. લોકો અજાણતા જ ખાદ્ય ચીજ વસ્તુઓને લગતા ચેપ, એલર્જી, રિએક્શન અથવા ગંભીર સ્વાસ્થ્યની સ્થિતિમાં મુકાઈ શકે છે. કેટલાક અભ્યાસમાં બહાર આવ્યું છે કે, નુકસાન પામેલા કે રિસાઈકલ કરેલા ડબ્બા માનવ શરીર ઉપર પેટના ભાગના અવ્યવો ઉપર ગંભીર અસર ઊભી કરી શકે છે.

# ભારત-પાકિસ્તાન મેચને પગલે ન્યૂયોર્કની હોટેલોએ ભાડામાં તોતિંગ વધારો કર્યો

નવી દિલ્હી, તા.૮

ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ શરૂ થવામાં ગણતરીના દિવસો બાકી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને આ હાઈ વોલ્ટેજ મેચ જોવા માટે હોટલ બૂક કરાવવાનું શરૂ કરી દીધું છે. ન્યૂયોર્કમાં ૯ જૂને યોજાનારી આ મેચની અસર શહેરની હોટલો ઉપર દેખાવા લાગી છે. મેચના દિવસે હોટલોના ભાડામાં તોતિંગ વધારો થયો છે. ઓસ્ટ્રેલિયાના એમસીજી ખાતે ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૨માં જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૯૦ હજાર લોકોએ સ્ટેડિયમમાંથી નિહાળી હતી. ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ માટે ભારત અને પાકિસ્તાન સહિતના ક્રિકેટ ચાહકોએ ન્યૂયોર્કમાં હોટલ બૂક કરવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે શહેરમાં હોટલના ભાડા સાત ગણા વધી ગયા છે. ટુર્નામેન્ટની ઓપનિંગ મેચના દિવસે હોટેલનું ભાડું ૧૦ હજાર રૂપિયાની આસપાસ છે, જ્યારે ભારત-પાકિસ્તાન મેચના દિવસે ૭૦ હજાર રૂપિયા સુધીનું ભાડું ચૂકવવું પડશે. ડોલર સામે ભારતીય રૂપિયામાં આ અંદાજિત ભાડું છે. ભારત અને પાકિસ્તાનની ટીમો છેલ્લે અમદાવાદ ૨૦૨૩ વન-ડે વર્લ્ડકપમાં સામસામે આવી હતી. આ મેચ જોવા માટે એક લાખથી વધુ લોકો ઉમટ્યા હતા. તે સમયે પણ હોટલનું ભાડું ૧૦ ગણું વધી ગયું હતું. અમેચ લાઈવ જોવા માટે લોકોએ હોટલોમાં ૧ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કર્યો હતો. આમ છતાં હોટલોની અછત હતી પણ ઘણા ચાહકોએ આગળ વધીને હોસ્પિટલના બેડ બૂક કરવાનું શરૂ કર્યું હતું.

# મતદાનનો ડેટા ટકાવારીમાં નહીં પણ સંખ્યામાં વહેંચવો જોઈએ

નવી દિલ્હી તા.૮

ભારતના ચૂંટણી પંચ (EC) દ્વારા ૩૦ એપ્રિલના રોજ પ્રકાશિત ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટેના મતદારોના મતદાનના આંકડાએ અનેક પ્રશ્નો અને શંકાઓ ઊભી કરી છે. હિસ્સેદારો અને પત્રકારોના એક વર્ગે પ્રશ્ન કર્યો છે કે, ૧૯ એપ્રિલના રોજ પ્રથમ તબક્કાના મતદાન પછી લગભગ ૯-૧૦ ડેટા શા માટે જાહેર કરવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ એ પણ પૂછ્યું હતું કે, તે દિવસે જાહેર કરાયેલા વચગાળાના ડેટાની તુલનામાં મતદાનની રેકોર્ડ ટકાવારીમાં અચાનક વધારો કેમ થયો ? પરંતુ વાસ્તવિક ચિંતા મતદાર મતદાનના ડેટામાં વિલંબ અથવા વધારો નથી, પરંતુ તે ફોર્મેટ છે કે, જેમાં ઈસી મતદારો સાથે ડેટા શેર કરી રહ્યું છે. ઈસી એ માત્ર ટકાવારીમાં નહિ પણ સંપૂર્ણ સંખ્યામાં મતદાર મતદાનનો ડેટા શેર કરવો જોઈએ.

હવે પ્રશ્ન એ છે કે મતદાર મતદાનનો ડેટા ચોક્કસ સંખ્યામાં કેમ હોવો જોઈએ ? કારણ કે જ્યાં સુધી કોઈ ચોક્કસ મતદારક્ષેત્રમાં કેટલા મતો થયા તેની ચોક્કસ સંખ્યાઓ અથવા આંકડાઓ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, કોઈ વ્યક્તિ પરિણામોમાં જાહેર કરાયેલા મતોની ગણતરીની સંખ્યા સાથે મતની સંખ્યાની તુલના કરી શકતી નથી. મત ગણતરીના ડેટા સાથે મેળ ખાય છે કે કેમ તે જાણવા માટે અથવા તેમાં કોઈ વિસંગતતા છે કે કેમ તે શોધવા માટે વ્યક્તિ પાસે ચોક્કસ સંખ્યા હોવી આવશ્યક છે.

EC દરેક સંસદીય મતવિસ્તારના મતો અથવા મતદાર મતદાન ડેટાની ટકાવારી શેર કરી રહ્યું હોવાથી તાર્કિક રીતે કમિશન પાસે મતદાનના ડેટાની સંપૂર્ણ સંખ્યા હોવી આવશ્યક છે. દાખલા તરીકે જો કોઈ સંસદીય મતદારક્ષેત્રમાં એક લાખ મતદારો હોય, એમ કહેવા માટે કે તે મતદારક્ષેત્રમાં ૬૦% મતો મતદાન થયા હતા, તો EC પાસે ૬૦,૦૦૦ મતો મતદાન થયા હોવાના આંકડા હોવા જોઈએ. સરળ ભાષામાં આપણે સંખ્યાઓમાંથી ટકાવારી મેળવીએ છીએ અને તેનાથી વિપરીત નહીં. તો પછી EC મતદારોના મતદાનની ટકાવારી સાથે નિરપેક્ષ આંકડો શા માટે શેર નથી કરતું ? મેં આ મુદ્દે કેટલાક નિષ્ણાતો સાથે વાત કરી, જેમાં ભૂતપૂર્વ IAS અધિકારી કન્નન ગોપીનાથન કે જેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રિટર્નિંગ ઓફિસર તરીકે સેવા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મતદાન મથકના દરેક પ્રિસાઈડિંગ ઓફિસર મતદાનના અંતે મત મેળવેલા ડેટાનું સંકલન કરે છે અને તેને ફોર્મ ૧૭માં રેકોર્ડ કરે છે. અધિકારી તે જ દિવસે અથવા બીજા દિવસે રાજકીય પક્ષના પ્રતિનિધિઓને ફોર્મ સોંપે છે. તે જ દિવસે અથવા બીજા દિવસે તે રિટર્નિંગ ઓફિસરને ફોર્મ ૧૭ પણ મોકલે છે. રિટર્નિંગ ઓફિસર તમામ મતદાન મથકોના ડેટાનું સંકલન કરે છે અને અંતિમ મતદાર મતદાન નંબરો ECને મોકલે છે. ગોપીનાથને કહ્યું કે, મતદાન સમાપ્ત થયા પછી સમગ્ર પ્રક્રિયામાં વધુમાં વધુ ૪૮ કલાકનો સમય લાગી શકે છે.

**૨૦૧૯થી ફોર્મેટમાં ફેરફાર**

૨૦૧૯માં મેં ધ ક્વિન્ટ માટે એક લેખ લખ્યો હતો જેમાં મેં ૩૭૩+ સંસદીય મતવિસ્તારોમાં થયેલા મતો અને મતોની ગણતરીના ડેટામાં વિસંગતતાઓની જાણ કરી હતી. આ લેખમાં મેં EC દ્વારા મતદાનના થોડા દિવસો પછી તેમની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલ ચાર તબક્કાના મતદાનનો ડેટાના 'અંતિમ મતદાર'ની સરખામણી કરી હતી. તબક્કા ૧ અને ૨ ના મતદારોના મતદાનનો ડેટા ૨૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, જે ૧૧ એપ્રિલે યોજાયેલ તબક્કા ૧ના મતદાનના આશરે ૧૫ દિવસ પછી અને તબક્કા ૩ અને ૪નો ડેટા ૪ મે, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, લગભગ ૧૦ દિવસ પછી ૩ મતદાન જે ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ હતું. EC એ ડેટા કમ્પાઈલ કરવામાં સમય લીધો, જે વાજબી છે કારણ કે ડેટાની ચોકસાઈ મહત્વની છે. એક મતદાર તરીકે અમે ચૂંટણી પરિણામોની ચોકસાઈ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાની કાળજી રાખીએ છીએ.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાનના ડેટામાં માત્ર સંખ્યા અને ટકાવારીમાં મતદાનનો ડેટા જ ન હતો પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાન ડેટા સાથે પણ તેની સરખામણી કરવામાં આવી હતી. જેમ તમે દસ્તાવેજમાં જોઈ શકો છો, તે

ડેટાના પ્રિન્ટિંગનો ડેટા અને ૨૦૧૪ની ન્જી ચૂંટણીના મતદારોના મતદાનની ૨૦૧૯ની ન્જી ચૂંટણીઓ સાથે સરખામણી દર્શાવે છે. મતદાનના થોડા દિવસો પછી EC દ્વારા તેમની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલ ચાર તબક્કાના મતદાનનો ડેટાનો અને નીચે EC એ અપલોડ કરેલા ડેટાનો સ્ક્રીનશોટ છે.

તબક્કા ૧ અને ૨ ના મતદારોના મતદાનનો ડેટા ૨૭ એપ્રિલ, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, જે ૧૧ એપ્રિલે યોજાયેલ તબક્કા ૧ના મતદાનના આશરે ૧૫ દિવસ પછી અને તબક્કા ૩ અને ૪નો ડેટા ૪ મે, ૨૦૧૯ના રોજ અપલોડ કરવામાં આવ્યો હતો, લગભગ ૧૦ દિવસ પછી. ૩ મતદાન જે ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ હતું. ઈસી એ ડેટા કમ્પાઈલ કરવામાં સમય લીધો, જે વાજબી છે કારણ કે ડેટાની ચોકસાઈ મહત્ત્વની છે. એક મતદાર તરીકે અમે ચૂંટણી પરિણામોની ચોકસાઈ અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાની કાળજી રાખીએ છીએ.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાનના ડેટામાં માત્ર સંખ્યા અને ટકાવારીમાં મતદાનનો ડેટા જ ન હતો, પરંતુ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીના મતદાર મતદાન ડેટા સાથે પણ તેની સરખામણી કરવામાં આવી હતી. હવે નીચે ૨૦૨૪ ન્જી ચૂંટણીના મતદાર મતદાન ડેટા જુઓ. તે સંસદીય મતવિસ્તાર મુજબ પુરૂષ, સ્ત્રી, અન્યનો ડેટા અને ટકાવારીમાં કુલ મતદાર મતદાનનો ડેટા આપે છે. સ્પષ્ટપણે, ૨૦૧૯ ન્જી ચૂંટણીના ડેટા વધુ વિગતવાર હતા. રસપ્રદ વાત એ છે કે, ધ ક્વિન્ટમાં મારો લેખ ૨૦૧૯ની LS ચૂંટણીમાં થયેલા મતો અને મતોની ગણતરીના ડેટામાં વિસંગતતા દર્શાવતા પ્રકાશિત થયા પછી, ઈસી એ રહસ્યમય રીતે તેમની વેબસાઈટ ઉપરથી ચાર તબક્કાના મતદાર મતદાનનો ડેટા પાછો ખેંચી લીધો. EC એ ક્યારેય મારા પ્રશ્નોના જવાબ આપ્યા નથી, તેમને બહુવિધ ઈ-મેઈલ્સમાં મોકલ્યા છે. પરંતુ મતો અને ગણતરીના ડેટામાં ચિંતાજનક વિસંગતતાઓએ ઘણી આંખ આડા કાન કર્યા અને આખરે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેની તાજેતરમાં એપ્રિલ ૨૦૨૪માં સુનાવણી હતી. સુનાવણી દરમ્યાન EC એ કહ્યું કે, "મતદાનનો ડેટા ગતિશીલ છે અને મતદાન મથકોના પ્રિસાઈડિંગ અધિકારીઓ પાસેથી ઈનપુટ લઈને અંદાજ, ECI દ્વારા વાસ્તવિક સમય ઉપર અપલોડ કરવામાં આવે છે.

પ્રિસાઈડિંગ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા વાસ્તવિક સમયના ઈનપુટ્સમાં અચોક્કસતા જોવા મળી હતી. જો કે, ઈવીએમમાં નોંધાયેલા મતોના ડેટા અને ફોર્મ 17Cમાં નોંધાયેલા કુલ મતોના ડેટામાં કોઈ મેળ ખાતો નહોતો."

ચુકાદો આવ્યા પછી, મેં ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઈસીને આ પ્રશ્નોના જવાબો માટે પત્ર લખ્યો :

મેં ક્યારેય મતદાન કરેલા મતોના રીઅલ-ટાઈમ ઈનપુટ્સને ધ્યાનમાં લીધા નથી. તેના બદલે મેં તેમની વેબસાઈટ ઉપરથી અને 'ફાઈનલ વોટર ટર્નઆઉટ' કહેતા વિભાગમાંથી મતદાર મતદાનનો ડેટા ડાઉનલોડ કર્યો. આ ડેટા મતદાનના દિવસો પછી લગભગ ૧૦-૧૫ દિવસ પછી અપલોડ કરવામાં આવ્યો હતો.

શું EC કૃપા કરીને સમજાવી શકશે કે તેઓએ 'ફાઈનલ વોટર ટર્નઆઉટ' વિભાગમાં કયો ડેટા અપલોડ કર્યો છે ? કેવી રીતે યોગ્ય રીતે સંકલિત ડેટા, બે LS ચૂંટણીના મતદાર મતદાન ડેટાની સરખામણી કરીને, 'રીઅલ-ટાઈમ ઈનપુટ્સ' કેવી રીતે હોઈ શકે? શું ECએ પણ સમજાવી શકે છે કે તેઓએ પહેલા કયો ડેટા અપલોડ કર્યો અને પછી પાછો ખેંચ્યો ?

૨૦૧૯માં જ્યારે મેં લેખ લખ્યો ત્યારે મને ઈસી તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો, ન તો મને હજુ સુધી જવાબ મળ્યો છે. મને EC તરફથી એક પ્રતિસાદ મળવાની આશા છે. પૂનમ અગ્રવાલ પત્રકારત્વમાં ૨૦ વર્ષનો અનુભવ અને વકીલાત સાથે સ્વતંત્ર વરિષ્ઠ તપાસ પત્રકાર છે. તે ExplainX YouTube ચેનલના સ્થાપક છે.

# તો લોકોનો વિશ્વાસ ઉઠી જશે' ૨૫૦૦૦ શિક્ષકોની નિમણૂંક રદ કરવાના કેસમાં CJIની મહત્વની ટિપ્પણી



કોલકત્તા તા. ૮

બંગાળ શાળા સેવા આયોગની લગભગ ૨૫,૦૦૦ નિમણૂકોને રદ કરવાના કલકત્તા હાઈકોર્ટના આદેશ સામેની અપીલ પર સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી હાથ ધરી હતી, જેમાં દેશના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેંચે પશ્ચિમ બંગાળ સરકારને કડક પ્રશ્નો પૂછ્યા હતા. સીજેઆઈએ શરૂઆતમાં બંગાળ સરકારને પૂછ્યું કે, 'ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને કોર્ટમાં પડકારવામાં આવી હોવા છતાં તમે વધારાના પદો કેમ ઉભા કર્યા અને વેઈટિંગ લિસ્ટમાં સામેલ ઉમેદવારોની નિમણૂક કેમ કરી?' કલકત્તા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરી બંગાળ સરકારના વકીલ નીરજ કિશન કૌશલે દલીલ કરી કે, 'શું હાઈકોર્ટના આદેશને યથાવત્ રાખી શકાય છે.' તો સીજેઆઈએ કૌશલને કહ્યું કે, 'એવું પણ નથી કે ૨૫૦૦૦ નિમણૂકો ગેરકાયદે છે? ટિચર-ચાઈલ્ડ રેશિયો બધામાં ગડબડ થઈ ગઈ છે.' બંગાળ શાળા સેવા આયોગના સિનિયર વકીલ જયદીપ ગુપ્તાએ તર્ક આપ્યો કે, 'હાઈકોર્ટની બેંચ પાસે નોકરીઓ રદ કરવાનો અધિકાર નથી અને તેમનો આદેશ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી વિપરીત છે.'

જ્યારે સીજેઆઈએ ગુપ્તાને પૂછ્યું કે, 'શું ઓએમઆર શીટ અને આન્સર શીટની સ્કેન કરેલી કોપીઓ નષ્ટ કરી દેવામાં આવી છે?' તો ગુપ્તાએ પોઝિટિવ જવાબ આપતા કોર્ટે કહ્યું કે, 'આટલા સંવેદનશીલ મામલે ટેન્ડર જારી કેમ કરવામાં ન આવ્યું?'

સીજેઆઈએ ગુપ્તાને કહ્યું કે, 'આ શીટોની ડિજિટલ કોપી રાખવી આયોગની જવાબદારી છે.' તો આયોગના વકીલે જવાબ આપ્યો કે, 'ડિજિટલ કોપી રાખવાની જબદારી તે એજન્સી પાસે છે, જેને આઉટસોર્સ પર કામ અપાયું છે.' તો સીજેઆઈએ પૂછ્યું કે, 'તે એજન્સી ક્યા છે? સીબીઆઈને તે એજન્સી મળી નથી. આ કામ તમારી પાસે નહીં, પરંતુ આઉટસોર્સથી ચાલી રહ્યું છે. શું આ રીતે આઉટસોર્સથી કામ આપવાથી સુરક્ષા પ્રોટોકલનું સૌથી મોટું ઉલ્લંઘન થઈ શકે છે?' સીજેઆઈએ કહ્યું કે, તેમને માત્ર સ્કેનિંગ માટે કામ પર રખાયા હતા અને તમે સંપૂર્ણ ડેટા રાખવા આપી દીધો. એજન્સીએ ડેટા લઈ લીધો હોય, તેવું તમે કહી ન શકો. લોકોના ડેટા રાખવાની જવાબદારી તમારી છે.' સીજેઆઈએ આયોગના વકીલને પૂછ્યું કે, ●'શું આયોગે પોતાની પાસે ડેટા હોવાનું આરટીઆઈ અરજી કરનારાઓને ખોટું કહ્યું હતું? તમારી પાસે કોઈપણ ડેટા નથી.' તો ગુપ્તાએ જવાબ આપ્યો કે, 'હા એવું થઈ શકે છે.' જ્યારે તેમણે પૂછ્યું કે, 'શું હાઈકોર્ટના આદેશ નિષ્પક્ષ હતા?' તો સીજેઆઈએ જવાબ આપ્યો કે, 'પરંતુ આ પ્રણાલીગત છેતરપિંડી છે. આજના સમયમાં જાહેર નોકરીઓ મળતી ઘણી મુશ્કેલ છે અને તેને સામાજિક ગતિશીલતાના સ્વરૂપ તરીકે જોવામાં આવે છે. જો તેમની નિમણૂકો પણ બદનામ થાય છે તો પછી તંત્રમાં શું બાકી રહે છે? લોકોનો વિશ્વાસ ઉઠી જશે, તમે આ કેવી રીતે સ્વીકારશો?'

આયોગના વકીલ સંજય હેગડેએ કહ્યું કે, 'આયોગની અનિયમિતતાઓ અંગે હાઈકોર્ટના નિર્ણયમાં કશું કહેવાયું નથી. જો આપણે અધવચ્ચે એક પેઢીને ખોઈ નાખીશું તો આપણે ભવિષ્ય માટેના સીનિયર હેડમાસ્ટરો અને નિરિક્ષકોને ખોઈ દઈશું. એ યાદ રહે કે, આમાંથી ઘણા લોકોને નોટિસ મળી નથી.'

સુપ્રીમ કોર્ટે ગત અઠવાડિયે હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો હતો, જેમાં સીબીઆઈને શિક્ષક ભરતી કૌભાંડના સંબંધમાં બંગાળ સરકારના અધિકારીઓની તપાસ કરવા કહેવાયું હતું. તેણે ૨૫૦૦૦થી વધુ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફની નિમણૂકો રદ કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે એ પણ પૂછ્યું હતું કે, શું હાલની સામગ્રીના આધારે માન્ય અને ગેરકાયદેસર નિમણૂકોને અલગ પાડવું શક્ય છે. રાજ્ય સરકારે દલીલ કરી કે, હાઈકોર્ટે પોતાની મનમાનીથી નિમણૂકો રદ કરી હતી.

# પતંજલિ પર સવાલ ઉઠાવી રહ્યા છો પરંતુ તમે શું કરી રહ્યા છો? હવે સુપ્રીમ કોર્ટે IMAની ઝાટકણી કાઢી



નવી દિલ્હી તા. ૮

બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ સામે ભ્રામક જાહેરાતનો કેસ દાખલ કરનાર IMAની જ હવે સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી છે. કોર્ટની ફટકાર બાદ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણે અંગત રીતે માફી માંગી હતી. ત્યારબાદ અખબારોમાં જાહેરાતો દ્વારા પણ માફી માગવામાં આવી હતી. ત્યારબાદ IMA અધ્યક્ષ ડો. આરવી અશોકને ઈન્ટરવ્યુમાં એક નિવેદન આપ્યું હતુ, જેના કારણે તેઓ ટાર્ગેટ પર છે. કોર્ટની સુનાવણી દરમિયાન એલોપેથી ડોક્ટરો પર કરવામાં આવેલી ટિપ્પણીઓ વિશે વાત કરતી વખતે અશોકને ખંડપીઠ પર જ સવાલો ઉઠાવ્યા હતા. તેની જ સામે હવે પતંજલિએ સ્છ પર અવમાનનાની અરજી દાખલ કરી છે.

આ અંગે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે IMAની ઝાટકણી કાઢી હતી. આ રીતે નજારો બદલાતો નજર આવ્યો હતો અને જે કોર્ટ અત્યાર સુધી પતંજલિની ઝાટકણી કાઢી રહી હતી તેણે જ IMAના વલણ પર સવાલો ઉઠાવ્યા છે. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અમાનુલ્લાહની ખંડપીઠે કહ્યું કે, તમે પતંજલિ પર ભ્રામક જાહેરાત માટે સવાલ ઉઠાવી રહ્યા હતા. તેમની દવાઓ હટાવવાની માગ કરી રહ્યા છો પરંતુ તમે શું કરી રહ્યા છો? તેના પર IMA તરફથી હાજર રહેલા વકીલ પીએસ પટવાલિયાએ કહ્યું કે અમે કોર્ટની પ્રશંસા કરીએ છીએ. પરંતુ આરવી અશોકને એક સવાલ ઉઠાવ્યો હતો જે મુખ્ય બાબત છે.

વકીલે કહ્યું કે, IMA અધ્યક્ષનો કોર્ટ વિશે કંઈ ખોટું કહેવાનો કોઈ ઈરાદો નહોતો. તેના પર ખંડપીઠે કહ્યું કે આ મામૂલી વાત નથી. IMAના અધ્યક્ષે મીડિયા સાથે એવા મામલે વાત કરી છે જેના પર કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી. એટલું જ નહીં કોર્ટે કહ્યું કે IMAના વકીલનો જવાબ અમને સંતુષ્ટ કરી શકે તેવો નથી. ખંડપીઠે કહ્યું કે, એ જુઓ કે તેમણે પોતાનું જ શું નુકસાન કરી દીધુ છે. કદાચ અમે તમને એક મોકો આપી શકીએ. જસ્ટિસ કોહલીએ કહ્યું કે, એક વાત અમે સ્પષ્ટ કરી દઈએ છીએ કે કોર્ટ એ અપેક્ષા નથી રાખતી કે કોઈ પીઠ પાછળથી હુમલો કરે.

આ કોર્ટને પણ ટીકાનો સામનો કરવો પડ્યો છે. આ અંગે IMAના વકીલ પીએસ પટવાલિયાએ કહ્યું કે અમને આગામી સુનાવણી સુધી તક આપવામાં આવે. વકીલે કહ્યું કે, સ્છના અધ્યક્ષ માફી માંગે છે. તેમને એ સમજાઈ ગયુ છે કે તેણે મોં બંધ રાખવું જોઈતું હતું. તેના પર કોર્ટે કહ્યું કે, જોઈએ કે કેસ કેવી રીતે આગળ વધે છે. કોર્ટનો નિર્ણય તમને પણ તેટલો જ લાગુ પડે છે જેટલો તે પતંજલિ આયુર્વેદને લાગુ પડે છે. IMAના અધ્યક્ષના ઈન્ટરવ્યુ અંગે આચાર્ય બાલકૃષ્ણએ અરજી દાખલ કરી હતી, જેઓ પતંજલિ આયુર્વેદના એમડી છે.

## પીએમ દ્વારા ઠપકો આપતાં સુરક્ષાકર્મીઓ હટી ગયા હતા

# દિવ્યાંગ યુવતી સાથે વડાપ્રધાન મોદીએ કરી

**આ યુવતી પીએમને તેની મનની વાત કહેવા માંગતી હતી કદાચ તે પીએમને મળી પોતાની લાગણી વ્યક્ત કરવા માંગતી હતી**

અમદાવાદ, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મતદાન કર્યા બાદ અમદાવાદના મતદાન મથકની બહાર આવી રહ્યા હતાં ત્યારે કાંઈક એવું બન્યું કે, તેમણે SPG કમાન્ડોને ઠપકો આપ્યો. હકીકતમાં બન્યુ હતું એવુ કે, પીએમ મોદી રાણીપ વિસ્તારની નિશાન પબ્લિક સ્કૂલના મતદાન કેન્દ્ર પર મતદાન કરી ચાલતા આવી રહ્યા હતાં. ત્યારે રોડની સાઈડમાં ઉભેલા લોકોનું અભિવાદન કરતા હતા ત્યારે તેમની નજર એક છોકરી પર પડી, તો તેઓ યુવતી પાસે ગયા હતા. તે યુવતીએ પીએમનો હાથ પકડી લીધો હતો. આ દરમિયાન પીએમની સાથે ચાલી રહેલા એસપીજીના જવાનોએ ચપળતા બતાવી અને તરત જ હાથ છોડાવવા આગળ વધ્યા હતા. ત્યારે પીએમે તેમને રોક્યા અને હટી જવા માટે ઈશારો કર્યો હતો.

હકીકતમાં તે યુવતી દિવ્યાંગ હતી, તે જોઈ શકતી ન હતી. ત્યાં ઉભેલા લોકો પીએમની એક ઝલક મેળવવા માટે ઉભા હતા, પરંતુ આ યુવતી પીએમને તેની મનની વાત કહેવા માંગતી હતી. કદાચ તે પીએમને મળી પોતાની લાગણી વ્યક્ત કરવા માંગતી હતી.એવામાં જ્યારે પીએમ મોદી યુવતીની નજીક ગયા તો યુવતીએ પીએમનો હાથ પકડીને પોતાની વાત કહેવા લાગી હતી. સામાન્ય રીતે આવા કિસ્સામાં લોકો ૧-૨ સેકન્ડ માટે પીએમનો હાથ પકડી શકે છે, પરંતુ જો વધારે સમય હાથ પકડી રાખે તો કમાન્ડો તેમા દખલગીરી કરે છે. આજે અહીં પણ આવું જ બન્યું હતું. કારણ કે,આવું ક્યારેક ખતરનાક પણ બની શકે છે. મહત્ત્વની વાત એ છે, એસપીજીને આવી પરિસ્થિતિ માટે પણ તાલીમ આપવામાં આવી હોય છે. જોકે, પીએમ દ્વારા ઠપકો આપતાં સુરક્ષાકર્મીઓ હટી ગયા હતા.હાલમાં આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અને લોકો કહી રહ્યા છે કે, 'મોદીજીએ લોકોના દિલ જીતી લીધા છે.' આ ઉપરાંત આજે પીએમએ એક બાળકને ખોળામાં બેસાડી રમાડ્યો હતો, તો કેટલાક લોકોને તેમણે ઓટોગ્રાફ પણ આપ્યા.

## સાયબર ફ્રોડનો વધુ પાંચ ભોગ બન્યા

# ઓનલાઇન વોટનાં નામે રૂપિયા ૧.૬૨ લાખની ઠગાઇ

**ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના નામે હાર્દિક પ્રભાતભાઈ હેરભા (રહે. રેલનગર) સાથે ઓનલાઈન ફ્રોડ થયું હતું**

રાજકોટ, તા.૮

ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના નામે હાર્દિક પ્રભાતભાઈ હેરભા (રહે. રેલનગર) સાથે ઓનલાઈન ફ્રોડ થયું હતું. જેમાંથી તેને સાયબર ક્રાઈમ પોલીસે રૂા. ૧.૨૨ લાખ કોર્ટમાં પ્રોસેસ કરી પરત અપાવ્યા હતાં. ઓનલાઈન રોકાણ કરી વધુ વળતર અપાવવાના નામે એક અરજદાર સાથે રૂા. ૧.૦૩ લાખનું ફ્રોડ થયું હતું. જેમાંથી તેને રૂા. ૫૬ હજાર પરત અપાવાયા હતા. સોશિયલ મીડિયા મારફત ખરીદેલા ફોનના પૈસા પરત અપાવી દેવાના બહાને એક અરજદાર સાથે રૂા. ૨.૪૩ લાખની ઠગાઈ હતી. જેમાંથી રૂા. ૧.૮૨ લાખ પરત અપાવાયા હતા. ઈનામમાં કાર લાગી છે તેવા મેસેજ કરી કાર અગર તો રોકડ રકમ મેળવવાના નામે એક અરજદાર સાથે રૂા. ૯૯૫૦૦નું ફ્રોડ થયું હતું. જેમાંથી ૫૦ હજાર પરત અપાવાયા હતા. આ જ રીતે ઓનલાઈન વોટ કરી બોનસ મેળવવાની સ્કીમમાં એક અરજદારને ફસાવી રૂા. ૧.૮૪ લાખનું ફ્રોડ કરાયું હતું. જેમાંથી રૂા. ૧.૬૨ લાખ પરત અપાવાયા હતા.

## ૧૪ વર્ષની બળાત્કાર પીડિતાની ગર્ભાવસ્થા સાથે સંબંધિત કેસની સુનાવણી

# સગર્ભા સ્ત્રી સગીર છે કે નહીં, બાળકને જન્મ આપવો કે ગર્ભપાત કરાવવો... તેનો નિર્ણય સર્વોપરી છે: SC

**સુપ્રીમ કોર્ટે કહ્યું કે 'પસંદ કરવાનો અધિકાર' અને 'પ્રજનન સ્વતંત્રતા' બંધારણની કલમ ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર છે**

નવી દિલ્હી, તા.૮

બંધારણના અનુચ્છેદ ૨૧માં સમાવિષ્ટ 'મૂળભૂત અધિકારો' પર પ્રકાશ પાડતા, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં કહ્યું કે 'ગર્ભવતી વ્યક્તિ' ભલે સગીર હોય, તેણીને તે નક્કી કરવાનો અધિકાર છે કે બાળકને જન્મ આપવો કે નહીં. અભિપ્રાય મહત્વપૂર્ણ છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે પોતાના આદેશમાં કહ્યું કે, ગર્ભાવસ્થા સમાપ્ત કરવાનો નિર્ણય લેતી વખતે, જો સગીર ગર્ભવતી વ્યક્તિનો અભિપ્રાય વાલીના અભિપ્રાયથી અલગ હોય, તો ગર્ભવતી વ્યક્તિના નિર્ણયને પ્રાથમિકતા આપવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કહ્યું, 'પસંદગીનો અધિકાર અને પ્રજનન સ્વતંત્રતા એ બંધારણની કલમ ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર છે. તેથી, જ્યાં સગીર સગર્ભાનો અભિપ્રાય વાલીના અભિપ્રાયથી અલગ હોય છે, ત્યારે કોર્ટે સગર્ભા સ્ત્રીના દૃષ્ટિકોણને એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે ધ્યાનમાં લેવું જોઈએ કે જ્યારે ગર્ભાવસ્થા સમાપ્ત કરવી કે નહીં. પ્રજનન પસંદગી અને ગર્ભપાતની બાબતોમાં, સગર્ભા સ્ત્રીની સંમતિ સર્વોપરી છે. સર્વોચ્ચ અદાલતે સગર્ભા સ્ત્રીનું મૂલ્યાંકન કરતા મેડિકલ બોર્ડને પણ સલાહ આપી હતી કે ગર્ભાવસ્થા ૨૪ અઠવાડિયાથી વધુ હોય તો તેના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે અભિપ્રાય આપે.ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ, ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની ખંડપીઠે, મુંબઈની ૧૪ વર્ષની બળાત્કાર પીડિતાની ગર્ભાવસ્થા સાથે સંબંધિત કેસની સુનાવણી કરતા, તાજેતરમાં લગભગ ૩૦ અઠવાડિયાના ગર્ભને સમાપ્ત કરવાનો આદેશ આપ્યો. તેના માતાપિતાને દૃષ્ટિકોણમાં ફેરફારને ધ્યાનમાં રાખીને, તે ઉથલાવી દેવામાં આવ્યું હતું. સગર્ભા સગીરના માતા-પિતાએ બાળકને ઉછેરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ પછી CJI DY ચંદ્રચુડે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સગીર સાથે વાત કરી તેનો અભિપ્રાય મેળવ્યો અને તેની સંમતિ બાદ સુપ્રીમ કોર્ટે ગર્ભપાતની મંજૂરી આપતા તેના આદેશને ઉલટાવી દીધો.લિંગ માન્યતા માટે લિંગ-તટસ્થ પરિભાષાના ઉપયોગ અંગેની ચર્ચા વચ્ચે, ભારતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે પણ સ્પષ્ટતા કરી હતી કે તેણે 'ગર્ભવતી મહિલા'ને બદલે 'ગર્ભવતી વ્યક્તિ' શબ્દનો ઉપયોગ કર્યો છે. શા માટે વપરાય છે? "અમે ગર્ભવતી વ્યક્તિ શબ્દનો ઉપયોગ કરી રહ્યા છીએ કારણ કે અમે જાણીએ છીએ કે સિઝજેન્ડર સ્ત્રીઓ ઉપરાંત, ઘણા બિન-દ્વિસંગી લોકો અને ટ્રાન્સજેન્ડર લોકો પણ ગર્ભાવસ્થાનો અનુભવ કરી શકે છે," કોર્ટે ફૂટનોટમાં જણાવ્યું હતું.

## હરિયાણા હાઈકોર્ટે છૂટાછેડાના એક કેસઅજીબ ચુકાદો આપ્યો

# વૃદ્ધ સાસુ સાથે રહેવા ના પડતા, હાઈકોર્ટે છૂટાછેડાનો આપ્યો આદેશ

**છૂટાછેડાના આદેશ સામે મહિલાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, હાઈકોર્ટે મહિલાની અરજી ફગાવી દીધી હતી**

પંજાબ, તા.૮

પંજાબ હરિયાણા હાઈકોર્ટે છૂટાછેડાના એક કેસમાં પોતાનો ચુકાદો આપતાં કહ્યું કે જો પરિવાર સાથે નથી રહેવું અને કોઈ સમજૂતી નથી કરવી તો છૂટાછેડા યોગ્ય છે. કોર્ટે કહ્યું કે મહિલા જાણતી હતી કે તેની ૭૫ વર્ષની સાસુ અને માનસિક રીતે બીમાર નણંદ છે. આ હોવા છતાં, તે ગામમાં તેના પરિવાર સાથે રહેવા માંગતી નથી. કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ પણ વિવાહિત જીવનમાં પ્રવેશ કરે છે, ત્યારે તેણે તે મુજબ કેટલાક ફેરફારો કરવા પડશે.

જસ્ટિસ સુધીર સિંહ અને જસ્ટિસ હર્ષ બંગરની ખંડપીઠે કહ્યું કે, વિવાહિત જીવનમાં કેટલીક સ્વતંત્રતાઓને સરેન્ડર કરવી પડે છે જે બંનેના હિત સાથે સંબંધિત હોય છે. જો કોઈ દંપતિને બાળક હોય તો તેણે પણ કેટલીક સમજુતી કરવી પડે છે. પતિની અરજી પર ટ્રાયલ કોર્ટે પહેલા જ છૂટાછેડા મંજૂર કર્યા હતા. છૂટાછેડાના આદેશ સામે મહિલાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે મહિલાની અરજી ફગાવી દીધી હતી.

બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, બંનેએ ૧૯૯૯માં લગ્ન કર્યા હતા. આ પછી પતિએ ૨૦૧૬માં છૂટાછેડા માટે અરજી કરી હતી. ૨૦૧૯ માં, પલવલ કોર્ટે છૂટાછેડાને મંજૂરી આપી હતી. કોર્ટને ખબર પડી કે મહિલા ૨૦૧૬થી તેની બે દીકરીઓ સાથે અલગ રહેતી હતી. તે તેની સાસુ અને નણંદ સાથે રહેવા માંગતી નથી. મહિલા ઈચ્છતી હતી કે તેનો પતિ તેની સાસુ અને નણંદને છોડીને તેની સાથે બહાર રહે. આવા જ એક કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ ક્રૂરતાનો મામલો છે.કોર્ટે એ પણ અવલોકન કર્યું હતું કે મહિલા બ્રહ્મા કુમારી સંગઠન સાથે સંકળાયેલી હતી. તેથી તેને વૈવાહિક સુખમાં કોઈ રસ નથી. ૨૦૧૬થી અલગ રહેતા હોવા છતાં બંનેએ ક્યારેય સાથે આવવાનો પ્રયાસ કર્યો નથી. કોર્ટે કહ્યું કે બંને વચ્ચેના સંબંધોનો અંત આવી ગયો છે. બંને એક બીજા સાથે ભાવનાત્મક રીતે પણ જોડાયેલા નથી. કોર્ટે એમ પણ કહ્યું કે ફેમિલી કોર્ટે કોઈપણ પ્રકારના વળતરની જાહેરાત કરી નથી. આવી સ્થિતિમાં, પતિએ ત્રણ મહિનામાં એક જ વારમાં મહિલાને ૫ લાખ રૂપિયાનું એલિમોની ચૂકવવું પડશે.

## ખેલ જગતના તારલાઓએ ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યુ

# ભારતની મહિલા રીલે રેસ ટીમ અને પુરૂષ ટીમ ઓલિમ્પિક રેસ માટે ક્વોલિફાય

**પેરિસ ઓલિમ્પિક આ વર્ષે ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમ્યાન યોજાશે**

પેરિસ, તા. ૮

દેશના ખેલ જગતના તારલાઓ એ ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યું છે. દેશની મહિલા રીલે રેસ ટીમ તેમજ પુરુષ ટીમે ઓલિમ્પિકમાં યોજાનાર રેસ માટે ક્વોલિફાય કર્યું છે. તેમના દ્વારા દેશને ફરી એક વાર મોટી સફળતા હાંસલ થઈ છે, ભારતીય મહિલા 4×400 મીટર રિલે ટીમ વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ્સમાં બીજા સ્થાને રહીને પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ હતી. ભારતીય પુરુષોની ૪૪૦૦ મીટર રિલે ટીમ પણ નાસાઉ, બહામાસમાં વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ રેસ દરમિયાન પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ થઈ હતી. મહિલા ટીમમાં રૂપલ ચૌધરી, એમ આર પૂવમ્મા, જ્યોતિકા શ્રીદાંડી અને સુભા વેંકટેશન ત્રણ મિનિટ અને ૨૯.૩૫ સેકન્ડનો સમય લઈને હીટ નંબર એકમાં જમૈકા (૩:૨૮.૫૪) પછી બીજા સ્થાને રહી હતી. અગાઉ ભારતીય ટીમ રવિવારે પ્રથમ રાઉન્ડની ક્વોલિફાઈંગ હીટમાં ત્રણ મિનિટ અને ૨૯.૭૪ સેકન્ડના સમય સાથે પાંચમા સ્થાને રહી હતી.જ્યારે પુરુષ ટીમમાં મોહમ્મદ અનસ યાહિયા, મોહમ્મદ અજમલ, આરોકિયા રાજીવ અને અમોજ જેકબની પુરૂષ ટીમ ૩:૩.૨૩ સેકન્ડ સાથે યુનાઈટેડ સ્ટેટ્સ (૨:૫૯.૯૫) પાછળ બીજા સ્થાને રહી હતી. બીજા રાઉન્ડમાં ત્રણ હીટમાં ટોચની બે ટીમો પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરશે. પેરિસ ઓલિમ્પિક આ વર્ષે ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમિયાન યોજાશે.

### ગત ચુંટણી કરતા ઘણું ઓછુ મતદાન

# મહાનગરનાં ભાજપનાં શાસનથી ત્રસ્ત મતદારોએ મત દ્વારા રોષ તો નથી ઠાલવ્યો ને ??

## જો કદાચ ભાજપની જીત થાય તો પણ મોદીની લોકપ્રિયતાને ઠેસ પહોંચાડનારી જીત હશે ! : ત્રણથી ચાર લાખ મતદારો ભાજપનાં ગજવામાંથી આ વખતે સરકી જાય તો નવાઈ નહીં !

(ગોરધન પાઘડાર દ્વારા)

જૂનાગઢ તા. ૮

ગત લોકસભાની ચુંટણી કરતા જૂનાગઢ મહાનગરમાં આશ્ચર્યજનક રીતે ઓછા થયેલા મતદાનનો આંકડો મોડી સાંજે બહાર આવતા મહાનગર જૂનાગઢનાં ભાજપનાં શાસકો એવં રોડ, રસ્તા, ગટરના કામોનું જાત નિરીક્ષણો કરનારા નેતાઓથી માંડી પેઈજ પ્રમુખ સુધીના સૌ કોઈ ચોંકી ઉઠયા છે.

મતદાન ઓછું થવાથી ભાજપને ઘણુ મોટુ નુકશાન થનાર હોવાનું રાજકીય પંડીતો માની રહયા છે. આમ તો જૂનાગઢ લોકસભાનાં ઉમેદવાર તરીકે સીટીંગ સાંસદને અગમ્ય કારણોસર રીપીટ કરી સાંસદ રાજેશ ચુડાસમાના નામની મોવડી મંડળે જાહેરાત કરી ત્યારથી નાનો મોટો ચડભળાટ થતો ભાજપમાં જોવા મળેલો. પરંતુ મોટાભાગનાં ભાજપનાં સંનિષ્ઠ અને પાયાનાં આગેવાનો, કાર્યકરોએ મને કમને મોડી મંડળનાં નિર્ણયને માથે ચડાવીને કામે ચડી ગયેલા હતાં. પરંતુ મહાનગર ભાજપના શાસન કર્તાઓની કેટલીક અણઆવડત કરતા કહેવાતી ભ્રષ્ટવૃતિના કારણે મહાનગરનાં મોટભાગનાં બૌધ્ધિક મતદારો છેલ્લે સુધી નારાજ જોવા મળેલા હતાં. અને તેમાંય રાયજીબાગ જેવા ધનાઢય વિસ્તારમાં ગત ચોમાસામાં કાળવા નદીનાં પુરે વેરેલી વિનાશકારી પુર દુર્ઘટના પછી પણ કહેવાતા ભાજપનાં શાસનકર્તાઓને અનેક રજુઆતો કરવા છતાં પણ કોઈ દાદ ન મળતા મોટાભાગનાં સામાન્ય વિસ્તારનાં મતદારોમાં ગંભીર પ્રકારનો સંદેશો વહેતો થયેલો કે ભાજપ નેતાઓથી ઉભરાતા ધનાઢય એવા રાયજીબાગનાં રહીશોની વાત જો મહાનગરપાલિકાનાં શાસકો કાને ધરતા ન હોય તો સામાન્ય વિસ્તારનાં રહીશોની વાત કચરા ટોપલીથી વિશેષ સ્થાન મળે ખરૂ ? ટુંકમાં મહાનગર જૂનાગઢમાં મતદાન ઓછું થયું છે તેમાં ૭૦ થી ૮૦ ટકા મતદાતાઓ એક યા બીજા પ્રકારે ભાજપ-મોદીના ચાહકો હોવાનું મોડી સાંજે ખુદ ભાજપનાં જ મધ્યસ્થ કાર્યાલય ખાતે એકઠા થયેલા ભાજપનાં કાર્યકરોમાં ચર્ચાતું જોવા મળેલ હતું. જે હોય તે આતો ચુંટણી છે. પરંતુ સૌથી નોંધવા જેવી વાત તો એ છે કે મોદીએ આજથી ત્રણ ચાર માસ પહેલા જ ૪૦૦ પ્લસ અને એક એક બેઠક ઓછામાં ઓછા ૩ થી ૪ લાખ મતોની સરસાઈ સાથે જીતવાનો લક્ષયાંક ભાજપનાં નાના મોટા નેતાઓ, કાર્યકરોને આપીને તે પ્રમાણે ભાજપનાં મોદીએ આપેલી ગેરંટીઓને અને કરેલા વિકાસ કામોને ઘર ઘર સુધી લઈ જવા કડક સુચનાઓ સાથે માર્ગદર્શન આપેલું હોવા છતાં મહાનગરનાં ભાજપનાં કેટલાક ભ્રષ્ટવૃતિનાં મનાતા શાસકોએ મોદીનાં લક્ષયાંક પોત પોતાનાં અંગત સ્વાર્થી લક્ષયાંક તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરતા તેના ઉગ્ર પ્રત્યાઘાતો છેક ગુજરાત પ્રદેશ કાર્યાલય સુધી પડેલા હોવા છતાં પ્રદેશ નેતાઓને આવી ફરીયાદમાં બહુ વજુદ ન લાગ્યું હોય તેમ રાયજીબાગ સહિતનાં ગંભીર મનાતા પ્રશ્નો પ્રત્યે આંખ મીચામણા કરતા સ્થાનિક ભાજપનાં કેટલાક નેતાઓને જાણે કે બમણું પીઠબળ મળી જતું હોય તેમ કાન ખજુરાનો એક ટાંગો ભાંગે તો પણ શું ? એવા તું઼ડ મીજાજમાં મતલબ કે ગુજરાતની ૨૬ બેઠકો પૈકી એક જૂનાગઢની બેઠક ભાજપને મળે કે ન મળે ફરક શું પડવાનો છે ?

જાણે કે આ વૃતિનો પડઘો ગઈકાલનાં મતદાનનાં દિવસે મત પેટીઓ પર પડતો હોય તેમ મહાનગરમાં પાંચથી સાડા પાંચ ટકા જેટલું મતદાન ગત ચુંટણી કરતા આ વખતે નોંધાયું છે. પણ ખરેખર દસ વર્ષની મોદીની કામગીરી અને રામજન્મભૂમિ અયોધ્યા ખાતે સાતસો વર્ષ પછી થયેલ શ્રીરામની પધરામણી અને લોક ઉત્સાહ જોયા પછી જૂનાગઢ મહાનગરમાં ઓછામાં ઓછું ૭૦ થી ૮૦ ટકા મતદાન થવું જોઈતું હતું ! રાજકીય પંડીતોનાં ગણીત પ્રમાણે જો તે મુજબ મતદાન થયું હોત તો ૪ થી પાંચ લાખ મતોની સરસાઈથી ભાજપનો ઉમેદવાર વિજેતા થાય તેવું મોદી સહીતનાં મોવડીઓનું ગણીત હતું. પરંતુ ગત લોકસભાની ચુંટણી કરતા ઓછુ મતદાન થવાથી ભાજપનાં ગજવામાંથી નહી નહી તો ૩ થી ૪ લાખ મતો સરકી જાય તો નવાઈ નહી ! ભાજપ કે કોંગ્રેસ પક્ષનાં બેમાંથી જે ઉમેદવાર વિજેતા થશે તેની લીડ ૩૦ થી ૪૦ હજાર જેટલી હશે તેવું તારણ રાજકીય પંડીતોએ કાઢેલું છે. મહાનગર જૂનાગઢમાં મતદારોની સંખ્યાની દ્રષ્ટીએ જોઈએ તો લઘુમતી, પછાત અને ઓબીસી સમુહનાં મતોની સંખ્યા વધુ મનાય છે. અને ગઈકાલે થયેલા મતદાન મથકો પરની મતદાતાઓની લાગેલ કતારોમાં લઘુમતી સમુહનાં મતદાતા ભાઈ-બહેનો, યુવાનોની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા મળતી હતી તે પ્રમાણે ભાજપનાં ગઢ મનાતા એવા સંખ્યાબંધ વિસ્તારોમાં મતદાતાઓની હાજરી ઘણી પાંખી જોવા મળતી હતી. જે હોય તે છતાં પણ જો ભાજપનો ઉમેદવાર કદાચ જીતે તો પણ ભાજપ કરતા મોદીની લોકપ્રિયતાને જરૂર ઠેસ પહોંચે તેવી જીત હશે !

# શિવમ્ ચક્ષુદાન આરેણા દ્વારા ૮ મે વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિતે જન જાગૃતિ સંદેશ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૮

સમગ્ર વિશ્વમાં ૮મી મે ના રોજ વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.થેલેસેમિયા એ એક ગંભીર રક્ત રોગ છે જેમાં વ્યક્તિના શરીરમાં હિમોગ્લોબિનનું ઉત્પાદન બંધ થઈ જાય છે.આજે ઘણા લોકો થેલેસેમિયા રોગથી પિડીત છે અને કેટલાય લોકોએ આ ગંભીર રોગ સામે ઝઝુમી અને હાલ સ્વસ્થ જીંદગી જીવી રહ્યા છે. શિવમ્ ચક્ષુદાન આરેણા પરિવાર ચક્ષુદાન-રકતદાન-દેહદાન તેમજ પશુ-પક્ષી,પર્યાવરણ,ગૌ સેવા જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિની સાથે સાથે થેલેસેમિયા ગ્રસ્ત લોકો માટે પણ આજ દિન સુધી કાર્ય કરી રહ્યા છે. આ માટે અમારા ગૃપના યુવાનો દ્વારા જયારે જયારે થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે બ્લડની જરુરિયાત ઉભી થઈ ત્યારે ત્યારે બ્લડ ડોનેટ કરવા માટે જરુરિયાતમંદ સુધી પહોંચી પોતાના રક્તનું દાન કરેલ છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે જયારે બ્લડની અછત જણાઈ ત્યારે બ્લડ ડોનેશન કેમ્પ કરીને બ્લડ બેંકોને બ્લડ પહોંચતુ કર્યુ છે. આ ઉપરાંત થેલેસેમિયા જન જાગૃતિ અભિયાન દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવા માટેના કાર્યો અમારી ટીમ દ્વારા કરવામાં આવે છે.પહેલા થેલેસેમિયા ટેસ્ટ અને પછી જ સગાઈ જેનાથી આવનારુ બાળક થેલેસેમિયાગ્રસ્ત ન બને તે માટે જાગૃતિ લાવવાનું કાર્ય અમારી ટીમ કરી રહી છે.

અમારા આરેણા ગામની બે દિકરીઓ થેલેસેમિયાગ્રસ્ત હતી તેને બ્લડની જરૂરિયાતના સમયે અમારા યુવાનો દ્વારા રક્તદાન કરી આ દિકરીઓનો શારિરિક અને માનસિક જુસ્સો વધાર્યો છે.અને તેના મજબુત મનોબળ થકી આજે આ બંન્ને દિકરીઓ થેલેસેમિયા સામે વિજય મેળવી શકી છે. આ બંન્ને દિકરીઓમાંની એક ચેતનાબેન હમીરભાઈ ધ્રામણચોટિયા હાલ બ્રહ્માંનદ વિદ્યાલય ચાપરડા મુકામે નર્સીંગનો કોર્સ કરી રહી છે અને પોતાની જીંદગી ખુબ ખુશ રહી જીવી રહી છે. બીજી દિકરી આર્યાબેન ભાવિકભાઈ જોશી છે.તે પણ આ રોગની સામે લડી અત્યારે પોતાના અભ્યાસની સાથે સાથે ખુબ સુંદર જીંદગી જીવી રહી છે. આ બધુ ત્યારે શક્ય બને કે જયારે આવા પિડિત બાળકોને યોગ્ય સમયે જરુરી મદદ,પ્રેમ અને સહાનુભુતિ મળે જે કાર્ય અમારી ટીમ કરી રહી છે.

આજે તા.૮ મેં ના રોજ વિશ્વ થેલેસેમિયા દિવસ નિમિતે શિવમ્ ચક્ષુદાન આરેણા પરિવાર દ્વારા આ બંન્ને દિકરીઓને શ્રી મદ્ ભાગવત ગીતા તેમજ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવશે અને તે બંન્ને દિકરીઓ ખુબ નિરોગી અને લાંબુ આયુષ્ય ભોગવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

## સોમનાથ દરીયામાં યુવાન તણાતા રેસ્કયુ કરી બચાવાયો



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૮

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર સમીપ આવેલ દરીયામાં આજે સવારે યુપીના પાંચ મિત્રો દરીયાઈ સહેલગાહ લેતા હતા તેવામાં અચાનક ઘસમસતું દરીયાઈ મોજું આવી જતાં એક યુવાન તણાયો હતો. સોમથના દરીયાકિનારે પર્યટકોને ઘોડેસવારી અને ઉંટ સવારી કરાવતા ચાલક કોળી હરસુખ રામા પંડીત, હરીશ ગણેશ ગરેજા, અકબર હનીફ સુમરા તાબડતોબ દરીયામાં ઝંપલાવી ૧૮ વર્ષના યુવાનને હેમખેમ બહાર કાઢી તેને ઉંધો કરી પાણી બહાર કાઢી સલામત જીવંત હેમખેમ બચાવવા સેવાનું કાર્ય કરેલ. જેમાં સોમનાથ ટ્રસ્ટના મહિપતસિંહ જાડેજા તથા અશ્વીન ઝાલાએ પણ સહયોગ-ઉપયોગી થયા હતા.

## વિસાવદર સબ ડીવીઝનના મોટા કોટડા ગામે પી.જી.વી.સી.એલ. કંપનીનું નવું સબ ડિવિઝન મંજુર કરવા ટિમ ગબ્બરની માંગ

વિસાવદર તા.૮

ટીમ ગબ્બરના એડવોકેટ કે. એચ.ગજેરા તેમજ વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોષી દ્વારા મુખ્યમંત્રી,કૃષિ મંત્રી,ઉર્જા મંત્રી,પી.જી.વી.સી.એલ કંપની કલેકટર,જુનાગઢ મામલતદાર કચેરી ભેંસાણ PGVCL વિસાવદર,ભેંસાણ વિગેરેને લેખિત રજૂઆત કરી જણાવેલ છે કે, ભેસાણ તથા વિસાવદર તાલુકાના બોર્ડરના ગામડાઓને વિસાવદર પી.જી.વી.સી.એલ. કંપનીના ડિવિઝન નંબર (૧)નીચે આવતું હોય આ ડિવિઝનમાં ઘણા બધા ગામડાઓનો સમાવેશ થતો હોય અને વિસ્તાર પણ ખૂબ જ મોટો હોય અને તેના કારણેગ્રાહકોને ખુબજ અગવડતા અને હેરાનગતિ ઉભી થતી હોય વિસાવદરની આ કચેરી નીચે ફોલ્ટલખાવ્યા બાદ ફોલ્ટ રીપેર કરવામાં પૂરતા વાહનો તથા માણસો ન હોય એક છેડેથી બીજા છેડે જતા પણ સમય બગડતો હોય જેથી વિસાવદરતાલુકાના મોટા કોટડા ગામે એક અલગ નવું સબ ડિવિઝન મંજુર કરવા બન્ને તાલુકાની પ્રજાની તથા ખેડૂતોની માંગણી છે આ બાબતે અમારા જાણવા મુજબ પૂર્વ સાંસદ સભ્યએ તથા પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયાએ માગણી કરેલી હોય તેમજ અમારી સંસ્થા ટિમ ગબ્બરે પણ તા ૨૫/૧ /૨૩ ના રોજ લેખિત રજુઆત કરી માંગણી કરેલ છે આ બાબતે અમો ટિમ ગબ્બર પણ નવું સબ ડિવિઝન મંજુર કરવા માંગણી સાથે રજુઆત કરીએ છીએ ઉપરોક્ત બાબતે અમારી રજુઆત અંગે કરેલી કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટીમ ગબ્બરના સરનામે મોકલી આપવા માટે અરજ સહ વિનંતી કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.



## ઉનામાં વિદેશથી આવેલ સુપર સિનિયર સિટીઝન દંપતિ એ મતદાન કરી લોક શાહી મજબૂત કરવા સંદેશો આપ્યો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૮

ઉના શહેર મા લોક સભાની ચૂંટણી નું મતદાન સવારે સાત વાગે થી શાંતિ પૂર્વક શરૂ થયું હતું ઊના ના હાલ અમેરિકા ના ન્યૂ જર્સી મા દીકરા સાથે રહેતા ૮૪વરસ ના વડીલ વિશ્વનાથ લાભશંકર જાની અને તેમના પત્ની ઉષા બેન વિદેશ થી આવી ઊના મા આજે સવારે તેમના બુથ ઉપર જાતે જઈ મતદાન કરી લોક શાહી ને વધુ મજબૂત અને ભારત ને વિશ્વ ગુરૂ બનવા મતદાન કરેલ હતું અને રાષ્ટ્ર ધર્મ નીભવિયા નો મોઢા ઉપર આનદ જોવા મળી રહ્યો છે. જે અન્ય મતદારો ને પણ પ્રેરણા આપેલ છે.

## મતદાન બુથ નહી હોવા છતાં આંટાફેરા કરનાર સામે નોંધાતી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ એ ડીવીઝનનાં પો.કો. વિજયભાઈ કાળાભાઈએ અબ્દુલસતાર અબ્દુલ અન્સારી જુલાયા સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનો આરોપી જૂનાગઢ સુખનાથ ચોક ખાતે આવેલ શ્રીમારી પ્રાથમીક શાળા ખાતે પોતાનું મતદાન ન હોવા છતાં કોઈ ચુંટણી એજન્ટ અથવા પક્ષનાં હોદાના ઓળખપત્ર વગર તેમજ કોઈ આધાર પુરાવા કે પોતાનું મતદાન બુથ ન હોવા છતાં કોઈ પ્રમુખ અધિકારીની પરવાનગી વગર પ્રવેશ કરી મતદાન બુથની અંદર કોઈ મતદાન માટે આવેલ મતદાર ઉમેદવાર, ચુંટણી એજન્ટ તથા ચુંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ મતદાન મથકમાં પ્રવેશ કરવો નહી તે અંગે પ્રતિબંધ હોય તેમ છતાં મજકુર ઈસમે મતદાન બુથમાં પ્રવેશ કરી જીલ્લા મેજી.ના ચુંટણીલક્ષી જાહેરનામનો ભંગ કર્યાની ફરીયાદ નોંધાવતા એ ડીવીઝનનાં પો.હે.કો. કે.જે. ડાભીએ વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રાર્થના સભા

નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ અ.નિ. મહેન્દ્રકુમાર ચુનીલાલ મહેતા ઉંમર વર્ષ ૭૫ નું અવસાન થયેલ છે. તે જગત ભાઈ, જયદીપભાઈ, સારિકાબેન ના પિતાશ્રી તથા ચુનીલાલ હિરજીભાઈ દવે (ચિત્રોડ) ના જમાઈ તેમજ હિંમતભાઈ,અનસુયાબેન આઈ. દવે (વેરાવળ) અને સરલાબેન એમ. ઓઝા (જૂનાગઢ)ના ભાઈ નું તારીખ ૬-૫-૨૪ ને સોમવારના રોજ અક્ષરવાસી થયેલ છે સદગતની પ્રાર્થના સભા તા.૯-૫-૨૦૨૪ ગુરૂવારના બપોરે ૩ થી ૫ નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ ગાંધીગ્રામ જુનાગઢ તથા તા.૧૦-૫-૨૦૨૪ નાં રોજ ચિત્રોડ(ગીર) મુકામે બપોરે

# ઉત્સાહ, જનજાગૃતિ, વિવાદો પર ગરમી ભારે પડી : સૌરાષ્ટ્ર-કચ્છમાં મતદાનમાં ગાબડુ

### હિટવેવ વચ્ચે ગત વખત કરતા મતદાનમાં ૪% જેવો ઘટાડો



રાજકોટ, તા. ૮

સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભાની આઠ બેઠકની ચૂંટણી કાળઝાળ ગરમી વચ્ચે પ્રમાણમાં ઠંડી રહી છે. મતદાન માટેના ઉત્સાહ, જનજાગૃતિ માટે લાખ પ્રયાસો અને ક્ષત્રિય સમાજના વિરોધ સહિતના વિવાદો હીટવેવમાં ભારે પ્રભાવિત થયા છે. ગુજરાતની જેમ સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠકો પર ગત લોકસભાની ચૂંટણી કરતા ચાર ટકા જેવું મતદાન ઘટના હવે ૨૭ દિવસ રાજકીય પક્ષો માટે સસ્પેન્સભર્યા બની રહેશે. સૌરાષ્ટ્રમાં પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૫૭.૬૦ ટકા અને માણાવદર વિધાનસભા બેઠક પર ૫૮.૮૭ ટકા જેવું મતદાન નોંધાયું હતું. ભાવનગરમાં આપ અને ભાજપ વચ્ચે મુકાબલો હતો. તો આ સિવાયની તમામ સાત બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટકકર થઈ છે. રાજકોટમાં પરસોતમ રૂપાલા અને પોરબંદરમાં ડો. મનસુખ માંડવીયા એમ બે કેન્દ્રીય મંત્રીએ ચૂંટણી લડી છે. અમરેલી જિલ્લામાં પૂરા રાજયનું સૌથી નીચુ મતદાન થયું છે. તો પોરબંદરમાં પણ પ્રમાણમાં સામાન્ય મતદાન રહ્યું છે.

સૌરાષ્ટ્ર અને કચ્છની ૮ બેઠકોનું મતદાન એકંદરે સાધારણ રહ્યું હતું કુલ ૧૨ જિલ્લાઓની રાજકોટ,જામનગર, અમરેલી, પોરબંદર, જુનાગઢ, સુરેન્દ્રનગર, કચ્છ અને ભાવનગર ૮ બેઠકો પર ગત સાંજે છ વાગ્યા સુધીમાં એકંદરે સરેરાશ અને અંદાજિત ૫૪.૯૪ ટકા મતદાન થયું છે જે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૫૮.૯૪ ટકા કરતા ૪ ટકા ઓછુ છે.

સૌરાષ્ટ્રમાં કૂલ ૧.૫૦ કરોડ મતદારોમાં ૮૨.૫૦ લાખ નાગરિકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે જ્યારે ૬૭.૫૦ લાખ મતદારોએ ગરમી કે નિરાશા કે અન્ય કોઈ પણ કારણોસર મતદાન કરવાનું ટાળ્યું છે. વડાપ્રધાનની જ્યાં સભા થઈ હતી અને ક્ષત્રિય આંદોલનની અસર ઓછી હતી તે જુનાગઢમાં સૌથી વધારે ૫૮.૮૭ ટકા અને બીજા નંબરે જામનગર કે જ્યાં ક્ષત્રિય આંદોલનની અસર હતી ત્યાં ૫૭.૬૭ ટકા મતદાન થયું છે જે સરેરાશ કરતા ૪ ટકા જેટલું વધારે છે.

પરંતુ, સુરેન્દ્રનગર કે જ્યાં પહેલેથી જ ક્ષત્રિય આંદોલન વધુ તેજ બન્યું હતું ત્યાં માત્ર ૫૨.૨૨ ટકા મતદાન થયું છે. અમરેલીમાં રાજ્યનું સૌથી ઓછું મતદાન માત્ર ૫૦.૦૭ ટકા થયું છે. પક્ષપલ્ટાને કારણે જ્યાં ચૂંટણી આવી પડી તે માણાવદરમાં પણ ૫૩.૯૩ ટકા જેવું પાંખુ મતદાન રહ્યું છે. સૌરાષ્ટ્રમાં ગત ધારાસભા-૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો ત્યારે આ વખતે ભાવનગરમાં ભાજપ અને આપ વચ્ચે તથા અન્ય તમામ બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો.

કુલ ૯૨ ઉમેદવારોનું રાજકીય ભાવિ આજે ઈ.વી.એમ.માં સીલ થયું છે. આ ચૂંટણીમાં વિકાસની વાતો, લોક સમસ્યા કરતા ક્ષત્રિય સમાજના આંદોલન, પક્ષપલ્ટા, ઉમેદવારો સામે છુપી નારાજગી, આયાતી ઉમેદવારોના મુદા હોટ ટોપીક બની રહ્યા હતા.

## લુશાળા ગામે વૃદ્ધ બાઈક પર વિદેશી દારૂના ૧૫ ચપટા સાથે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

વંથલી તાલુકાના લુશાળા ગામે બે વૃધ્ધ બાઈક પર વિદેશી દારૂના ચપટા સાથે ઝડપતા પોલીસે વંથલી પોલીસ સ્ટેશને ગુનો દાખલ કર્યો.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા ચૂંટણી અન્વયે પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાત્રે પેટ્રોલિંગમાં હોય દરમ્યાન લુશાળા ગામે રેલવે ફાટક પાસેથી જીજે -૧૧-પીપી-૮૭૭૬ નંબરના બાઈક પર નીકળેલા લુશાળા ગામના વીરાભાઈ વાસણભાઈ ડાંગર અને હાદાભાઈ નાજાભાઈ જાટીયા રૂા.૧,૫૦૦ની કિંમતના વિદેશી દારૂના ૧૫ ચપટા સાથે મળી આવતા પોલીસે બંનેની ધરપકડ કરી દારૂ બાઈક અને બે મોબાઈલ સહિત રૂપિયા ૨૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી વંથલી પોલીસ સ્ટેશન બંને વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અભિનેતા, પ્રખ્યાત ટેલિવિઝન એન્કર શેખર સુમન અને કોંગ્રેસના રાષ્ટ્રીય મીડિયા સંયોજક રાધિકા ખેડા ભાજપમાં જોડાયા

નવી દિલ્હી, તા. ૮ : લોકસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રાષ્ટ્રીય મીડિયા સંયોજક રાધિકા ખેડા અને અભિનેતા શેખર સુમન બંને મંગળવારે ભારતીય જનતા પાર્ટી માં જોડાયા હતા. તેમણે નવી દિલ્હીમાં પાર્ટી કાર્યાલયમાં વરિષ્ઠ નેતાઓની હાજરીમાં સભ્યપદ લીધું. અભિનેતા શેખર સુમને ભાજપમાં જોડાયા બાદ કહી હતું કે, 'ગઈકાલ સુધી મને ખબર ન હતી કે હું આજે અહીં બેઠો હોઈશ કારણ કે જીવનમાં ઘણી બધી વસ્તુઓ જાણી-અજાણ્યપણે થાય છે. કેટલીકવાર તમને ખબર હોતી નથી કે તમારું મુસ્તાકબીલ શું છે અને પ્રવાહ ઉપરથી આવે છે અને તમે તે હુકમનું પાલન કરો છો.

## જૂનાગઢના મધુરમમાં યુવાન પર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢ મધુરમ ગેઈટ નજીક મિત્રો ઉભા રહી વાતો કરતા હોય દરમ્યાન શખ્સે આવી હુમલો કરી મારમાર્યાની ફરીયાદ.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશને કપીલ નવઘણ ચુડાસમાએ ફરીયાદમાં આરોપી તરીકે વિશાલ ચૌહાણ રહે.મધુરમવાળાનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે ફરીયાદી અને સાહેદ શિવમભાઈ મકવાણા મધુરમ ગેઈટ પાસે પાનની દુકાન પાસે વાતો કરતા હોય દરમ્યાન આરોપીએ પાછળથી આવી ફરીયાદીને પાછળથી મુકો મારી ફરીયાદીએ મારવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ હાથમાં રહેલ કળા વડે માથામાં મારી લોહીયાળ ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ બેઠક પર મતદાનમાં ઘટાડો થતાં ભાજપ - કોંગ્રેસની અવઢવ વધી : કોને ફાયદો કોને નુકશાન ?

## વર્ષ ૨૦૧૯ની સરખામણીએ આ વખતે ૨.૮૪ ટકા મતદાન ઘટયું : હારજીતનાં લેખાજોખા અનુમાન આધારીત

(એસ.આઈ બુખારી દ્વારા)

જૂનાગઢ તા. ૮

ગઈકાલે ધોમધખતા તાપમાં જૂનાગઢનાં મતદારોએ તેમના મતાધીકારનો ઉપયોગ કર્યો હતો જેમાં જૂનાગઢ લોકસભા મત વિસ્તારનાં ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં ૫૮.૮૭ ટકા મતદાન નોંધાયું છે. જયારે વર્ષ ૨૦૧૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ૬૧.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. આમ ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૪માં મતદાનની ટકાવારીમાં ૨.૮૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

જૂનાગઢ મત વિસ્તારમાં સમાવિષ્ટ ૭ વિધાનસભા મત વિસ્તારનાં આંકડા જોઈએ તો જૂનાગઢ ૫૪.૫૦ ટકા, વિસાવદર ૪૬.૫૮ ટકા, માંગરોળ ૬૨.૯૦ ટકા, સોમનાથ ૭૦.૧૬ ટકા, તાલાળા ૬૦.૦૭ ટકા, કોડીનાર ૬૦.૭૧ ટકા અને ઉના વિધાનસભા મત વિસ્તારમાં ૫૮.૧૭ ટકા મતદાન નોંધાયું છે. જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં વિસાવદર ખાતે સૌથી ઓછું જયારે સોમનાથ બેઠક પર સૌથી વધુ મતદાન નોંધાયું છે. આમ જૂનાગઢ બેઠક પર મતદાનની ટકાવારીમાં ઘટાડો થતાં ભાજપ - કોંગ્રેસ બંને પક્ષો અવઢવમાં મુકાઈ ગયા છે અને ઘટેલા મતદાનથી કોને ફાયદો અને કોને નુકશાન થશે તેના ગણિત મંડાઈ રહયા છે. જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારનાં ૧૫ વોર્ડમાં પણ મતદાનમાં ભારે ઉદાસીનતા જોવા મળી હતી. શહેરીજનોએ મતદાન કરવા બહાર નીકળવાને બદલે આરામ કરવાનું વધુ પસંદ કર્યુ હતું. મતદાન ઓછું થવાના કારણોમાં રાજકીય પક્ષો અને નેતાઓ તરફ લોકોની નિરાશા, ગરમી અને જાગૃતિનો અભાવ વગેરે કારણો જણાવાઈ રહયા છે જેમાં જે પણ કારણ જવાબદાર હોય ઓછું મતદાન તંદુરસ્ત લોકશાહી માટે સારો સંકેત આપતું નથી. તંત્રએ લાખ પ્રયાસ કર્યા હોવા છતાં મતદાન ઘટયું તે હકીકત છે ત્યારે જૂનાગઢ બેઠક પર કોણ જીતશે અને કોણ હારશે તેના લેખાજોખા થઈ રહયા છે. જો કે સાચી સ્થિતિ તો તા. ૪ જૂને મતગણતરીનાં દિવસે જ બહાર આવશે ત્યાં સુધી અનુમાન આધારીત જ સમીકરણો મંડાશે.

# આવતીકાલથી જૂનાગઢમાં રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



## સાધુ-સંતો અને આગેવાનોની ઉપસ્થિતીમાં પોથીયાત્રા ડો.જગતભાઈ તેરૈયા સંગીતની સુરાવલી સાથે કથાનું રસપાન



જૂનાગઢ તા.૮

પુ.મુકતાનંદબાપુના આશિર્વાદથી શ્રી રાજગોર બ્રાહ્મણ મહિલા મંડળ જૂનાગઢ દ્વારા તા.૯મે ગુરૂવારથી ૧૫ મે બુધવાર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે.

જેમાં બિલનાથ મહાદેવ મંદિર વંથલી હાઈવે ખાતે દરરોજ બપોરે ૩થી ૭ શાસ્ત્રીશ્રી પ્રો.ડો.જગતભાઈ તેરૈયા (રાજકોટવાળા)પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને કથાનું રસપાન કરાવશે.

કાલે બપોરે ૧ વાગ્યે સ્વામિનારાયણ મંદિરેથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળશે. જેમાં સંતો મહંતો આગેવાનો જોડાશે. અને બપોરે ૩ કલાકે ભાગવત સપ્તાહનો પ્રારંભ થશે. આ કથા દરમ્યાન શુક્રવાર નૃસિંહ પ્રાગટય, કપિલ જન્મ, શનિવારે વામન અવતાર, રવિવારે શ્રી રામ જન્મ, કૃષ્ણ જન્મોત્સવ, નંદ ઉત્સવ, સોમવારે શ્રી ગોવર્ધન ઉત્સવ, મંગળવારે રૂક્ષ્મણી વિવાહ અને બુધવારે સુદામા ચરિત્ર હવન સવારે ૯થી ૧૨ અને કથાની પુર્ણાહુતી થશે.

કથા દરમ્યાન સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય સંજય કોરડીયા, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા સહિત સમસ્ત બ્રહ્મ યુવા સંગઠનના સંસ્થાપક જયદેવ જોષી, કેળવણીકાર કે.ડી.પંડયા તેમજ શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ, એસપી હર્ષદ મહેતા, માજી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘના પ્રમુખ બંકિમ મહેતા, સંજય દવે અને તેમની સમગ્ર ટીમ તેમજ જીતુભાઈ ચાવડા, ગોર ભુપતભાઈ મહેતા સહિતના આગેવાનો ઉપસ્થીત રહી કથા શ્રવણનો લાભ લેશે.

રાત્રે કથા દરમ્યાન યોજાનાર સાંસ્કૃતિક કાર્યકર્મમાં લોકસાહિત્યકાર શિવરાજભાઈ વાળા, રાજકોટના લોકગાયિકા ડો.વર્ષા મહેતા, દેવલ મહેતા, વિજય રાવલ, અમુદાન ગઢવી, શૈલેષ મહેતા, કરણ મહેતા, ભાવેશ મહેતા સહિતના કલાકારો જમાવટ કરશે.

કથા દરમ્યાન વંદનીય સંતો પુ.મુકતાનંદબાપુ, પુ.જેન્તીરામબાપા, નિલકંઠચરણદાસજી, રામબાલકદાસબાપુ, ગણેશાનંદબાપુ, જગુરામબાપા, નિજસ્વરૂપાનંદ સરસ્વતી, પુ.સુબોધનંદજી સહિતના સંતો મહંતો આશિર્વચન પાઠવશે.

આ કથાને સફળ બનાવવા રાજગોર બ્રાહ્મ મહિલા મંડળના પ્રમુખ મીનાક્ષીબેન મહેતા અને મહિલા મંડળના તમામ બહેનો છેલ્લા એકાદ માસથી જહેમત ઉઠાવી રહયા છે.

# માંગરોળનાં મુકતુપુર ગામે સાસરીયા પક્ષે આપી જાનથી મારી નાખવાની ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

માંગરોળ તાલુકાનાં મુકતુપુર ગામનાં અનીલભાઈ જીવાભાઈ અખીયાએ ભાલપરા ગામનાં ગોવિંદભાઈ દેવચંદભાઈ ચાવડા, મંજુબેન દેવચંદભાઈ ચાવડા, અશોકભાઈ દેવચંદભાઈ ચાવડા, રમાબેન અશોકભાઈ ચાવડા સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓએ ફરીયાદીનાં બહેન સુવાવડ કરવા માટે ફરીયાદીનાં ઘરે આવેલ હોય અને આરોપીઓ ફરીયાદીની બહેનને તેમનાં ઘરે તેડી જવા માટે ફરીયાદીનાં બહેનને સાથે બોલાચાલી થતા ફરીયાદી વચ્ચે પડતા આરોપી નં. ૧નાએ ફરીયાદીને જમણા પગના પંજામાં મુંઢ ઈજા કરી તેમજ સાહેદ ફરીયાદીનાં બહેન વિજયાબેનને ચારેય આરોપીઓએ ભુંડી ગાળો આપી શરીરે મુંઢમાર મારી ફરીયાદીને તેમની બહેન વિજયાબેનને નહી મોકલો તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતાં માંગરોળનાં પો.હે.કો. બી.એન. પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં મત આપ્યા બાદ ઈવીએમનો ફોટો વાયરલ કરનાર શખ્સની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૮

જૂનાગઢમાં લોકસભા બેઠકના મતદાન દરમ્યાન હનુમાનપરા વિસ્તારમાં મતદાન કરી ઈવીએમનો ફોટો વાયરલ કરનાર શખ્સને પોલીસે દબોચી ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જૂનાગઢ લોકસભા બેઠકના મતદાન દરમ્યાન મત આપ્યા બાદ ઈવીએમનો ફોટો વાયરલ કરનાર જૂનાગઢનાં શખ્સની પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મંગળવારે જુનાગઢ લોકસભાની બેઠકનાં મતદાન દરમિયાન જૂનાગઢના એક શખ્સે મતદાન કરતી વખતે પોતે મતદાન કરે છે અને કોને મત આપે છે તેનો ફોટો પાડી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો પોતાનો મોબાઈલ ફોન લઈ જઈ મતદાનની ગુપ્તતા જાળવી ન હોવાનું અંગેના સમાચાર ટીવી ચેનલોમાં પ્રસારિત થયા હતા અને મતદાન કરતી વખતે પોતે કોઈને મોત આપે છે તે વિગતોનો ફોટો પ્રસિદ્ધ થયો હતો. જેના પગલે પોલીસ હરકતમાં આવી હતી. પોલીસ તપાસમાં સોશિયલ મીડિયામાં નૈતિક ગઢીયાના નામની આઈડી ઉપર ફોટો અપલોડ થયાનો જેને આવતા એલસીબી અને બી ડિવિઝન પોલીસે આઈડી ધારક નૈતિક ભાવેશભાઈ ગઢીયા (ઉ.વ.૨૪) રહે.જોષીપરા હનુમાનપરા વિસ્તાર, પાણીના ટાંકા પાસે, પ્રાથમીક સ્કુલ સામે, જૂનાગઢવાળાને ગણતરીની કલાકોમાં ઝડપી લઈ તેની પાસેથી રૂપિયા ૧૦૦૦ની કિંમતનો મોબાઈલ કબજે કરી બી ડીવીઝન થાણે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આજે જૂનાગઢમાં રેડક્રોસ ડે નિમિતે થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે તપાસણી કેમ્પ

જૂનાગઢ તા.૮

આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા રેડક્રોસના સ્થાપક સ્વીટઝરલેન્ડના સર હેનરી ડયુનોટનો તા.૮મી મેના રોજ જન્મદિવસ સમગ્ર વિશ્વમાં રેડક્રોસ ડે તરીકે ઓળખાય છે. જૂનાગઢ રેડક્રોસ સર્વે પદાધિકારીઓ તથા સભ્યો દ્વારા સર્વેને શુભેચ્છા અભિનંદન પાઠવેલ છે. રેડક્રોસ જૂનાગઢ શાખાના ડો.જગદીશ દવેના ઢાલ રોડ સ્થિત દવાખાને આજે તા.૮મી મેના રોજ સાંજે ૬ થી ૮ દરમ્યાન થેલેસેમીયાગ્રસ્ત બાળકોને વિનામુલ્યે રેડક્રોસ ડેની ઉજવણી સબબ તપાસી આપવામાં આવશે.


સ્ટાફ જોઇએ છે

ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમરઃ ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)

સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી

Mo. 9825815796

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉં તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨